Celebrating
Decade of Dedication

# सुतीर्थ

॥ न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ॥

Indian Institute of Teacher Education, Gandhinagar ♦ Year :2 ♦ Issue : 6 ♦ March, 2021



**IITE inhouse magazine for private circulation only**
Indian Institute of Teacher Education, Gandhinagar
**Volume : 2 • Issue : 6 • March, 2021**

> "The creation of something new is not accomplished by the intellect but by the play instinct acting from inner necessity."
>
> **- Carl Jung**



આઈઆઈટીઈમાં માર્ગદર્શક નેતૃત્વની 'વર્ક એનિવર્સરી'ની ઉજવણીના ભાગરૂપે માન. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલને રજિસ્ટ્રાર ડૉ. હિમાંશુ પટેલ અને સેન્ટર ઑફ એજ્યુકેશનના પ્રિન્સિપાલ ડૉ. કલ્પેશ પાઠકે શુભેચ્છાઓ પાઠવી

1 **કુલપતિશ્રીનો સંદેશ** ........ 3
2 **Indian Institute of Teacher Education सीखनेकी Melodious धुन, only on Teachers'Tune** ........ 4
3 **Common terms related to English Language Teaching & Learning** ........ 6
4 **The Science of Language** ........ 9
5 **અવિરત કર્તવ્યનિષ્ઠાનાં અ-દ્વિતીય વર્ષ** ........ 10
6 **રમનારા સહુ જીતી ગયા** ........ 19
7 **હવાના સ્પર્શ અને સંઘર્ષથી રચાતા ગુજરાતીનાં ધ્વનિ તરંગો** ........ 24
8 **"બેરે કેપ માથે મૂકતા જ ઝણઝણાટી આવી ગઈ"** ........ 26
9 **National Cadet Corps - A Leader in making!** ........ 27
10 **"સમયને ધ્યાનમાં રાખી સતત પરિવર્તનશીલ રહીએ તો પ્રગતિ કરી શકીએ"** ........ 28
11 **Brain Teaser** ........ 29
12 **પુસ્તક પરિચય** ........ 30
13 **Campus Canvas** ........ 31

## Editor
**Paras K. Jha**
(Public Relation & Publication Officer)

**Editorial Team**
Dr. Archana Patel
Dr. Rushi Joshi
Dr. Swarnabharati

**Coordination**
Ms. Hiral Jani

**Design :** Ranmal Sindhav

**iitegandhinagar**

**Publisher**
**The Registrar,**
**Indian Institute of Teacher Education**
Ramkrushna Paramhans Vidhya Sankul
Nr. Mahatma Mandir, Kh-Road, Sector-15, Gandhinagar-382016 (Gujarat) India
Phone : +91-79-23287338, 23243733/34, Email : publication@iite.ac.in, Web : www.iite.ac.in



# કુલપતિશ્રીનો સંદેશ

વહાલા વિદ્યાર્થીઓ અને અધ્યાપક મિત્રો,

માર્ચ મહિનો નાણાકીય હિસાબ-કિતાબનો મહિનો છે. આખા વર્ષના જમા-ઉધારનું સરવૈયું તૈયાર કરવાનો મહિનો છે. શિક્ષક પ્રશિક્ષક તરીકે આપણે પણ હિસાબ-કિતાબ રાખવો જરૂરી છે. એ હિસાબ નાણાકીય નથી હોતો, એ હિસાબ હોય છે, આપણા કામગીરી, આપણા લક્ષ્યો, આપણી સિદ્ધિઓ અને આપણા બાકી રહી ગયેલા કામોનો. આપણે આ બધાનું સરવૈયું તૈયાર કરવું પડે છે, જેમાં ગણતરીમાં એ લેવું પડે છે કે, આપણે કેટલા ખંતથી, કેટલી મહેનતથી, કેટલી દાનતથી એ પ્રવૃત્તિઓ કરી. આપણને શું કરવામાં આપણા 100 ટકા આપ્યાનો સંતોષ થયો અને ક્યાં ચૂક રહી ગયાનો, ક્યાંક ભૂલ થઈ ગયાનો અસંતોષ રહ્યો. આ પ્રકારનો હિસાબ કિતાબ આપણા સમગ્ર જીવનની દિશા નિર્ધારિત કરવાનો અવસર આપે છે.

આ માર્ચ મહિનો મારા માટે ઘણી બધી રીતે વિશિષ્ટ રહ્યો. આઠમી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ હોવાની સાથે સાથે મારા માટે આઈઆઈટીઈના કુલપતિ તરીકેનો પદભાર સંભાળવાનો દિવસ પણ છે. એટલે મારા માટે પણ માર્ચ બે વર્ષના કાર્યકાળમાં મેં શું કર્યું, આગળ શું કામો કરવાના છે, કેવી રીતે કરવાના છે એ હિસાબ-કિતાબ કરવાનો મહિનો બની રહ્યો છે.

આજે સમગ્ર વિશ્વમાં બિગ ડેટા એનાલિટિક્સનું કામ થાય છે એ શું છે? એક પ્રકારનું વિશ્લેષણ છે, એક પ્રકારનો હિસાબ-કિતાબ જ છે, જે આપણે વધુ સારી રીતે માહિતી આધારિત નિર્ણયો લેવા માટે સક્ષમ બનાવે છે. પરંતુ જો વિશ્લેષણ માટે આપવામાં આવેલી માહિતી જ ખામીયુક્ત હોય ત્યારે થયેલા વિશ્લેષણ અયોગ્ય અને અવિચારી નિર્ણયો લેવાઈ જવાની સંભાવના પણ રહેલી છે.

આઈઆઈટીઈ પરિવારના સૌથી લાડકા સભ્યો આપણા કેટલાક વિદ્યાર્થીઓ કેટલાક ઉપદ્રવી પરિબળોથી ખોટી દિશામાં દોરવાયા, ખોટી માહિતીઓ અને તેના ખોટા વિશ્લેષણને કારણે શિક્ષકોને સહજ હોય તેવા શિસ્ત અને અનુશાસન માર્ગેથી ભૂલા પડીને બીજી દિશામાં દોરવાયા. પરંતુ હિંદી ફિલ્મોમાં સેંકડો વખત સાંભળવા મળેલી કહેવત 'સુબહ કા ભૂલા અગર શામ કો ઘર વાપસ આ જાયે તો ઉસે ભૂલા નહીં કહેતે' ની જેમ પાછા પોતાની અભ્યાસ પ્રવૃત્તિઓમાં જોડાઈ ગયા. એટલું જ નહીં, આઈઆઈટીઈના નવમા ખેલ મહોત્સવમાં ખૂબ જ જોશ, ઉત્સાહ અને ખરા સ્પોર્ટ્સમેનને છાજે તે રીતે સ્પોર્ટ્સમેન સ્પિરિટથી ખેલદિલીપૂર્વક ભાગ લીધો અને ફરીથી આઈઆઈટીઈ સાથેના ભાવનાત્મક જોડાણને વધુ મજબૂત બનાવ્યું.

ગુણવત્તાયુક્ત શિક્ષણને સુનિશ્ચિત કરવા માટે માપદંડો નિર્ધારિત કરીને તેને આધારે યુનિવર્સિટી અને શૈક્ષણિક સંસ્થાઓનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. નેશનલ એસેસમેન્ટ ઍન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (નૅક) એ સમગ્ર દેશની યુનિવર્સિટી અને શૈક્ષણિક સંસ્થાઓને તેમની કામગીરીને નિર્ધારિત માપદંડોને આધારે ચકાસીને રેન્કિંગ આપે છે. શિક્ષક પ્રશિક્ષણનું કામ અલગ પ્રકારનું છે અને એ માટેની યુનિવર્સિટીને ચકાસવા માટેના માપદંડ નિર્ધારિત થયા નથી. એમ છતાં આપણે અન્ય પારંપરિક યુનિવર્સિટીની ચકાસણીના માપદંડોને આધારે પણ નૅકનું રેન્કિંગ મેળવવા માટે કમર કસી લીધી છે અને એ દિશામાં આગળ વધી રહ્યા છીએ. જ્યારે 100 કે 500 વ્યક્તિઓના નિર્ધારિત માપદંડોને આધારે આપણે કયા ક્રમાંકે છીએ તે જાણીએ ત્યારે આપણે આગળ વધવા માટે આપણું લક્ષ્ય નિર્ધારિત કરી શકીએ. તેને માટેની યોજના બનાવી શકીએ. તેના માટેના સંસાધનો એકઠા કરી શકીએ અને ક્ષમતા વિકસાવી શકીએ. એવી જ રીતે નૅકનું મૂલ્યાંકન આઈઆઈટીઈને ઉત્કૃષ્ટતા તરફ લઈ જવા આપણા માટે ધ્રુવ તારાનું કામ કરશે, જે અંધકારમાં પણ યોગ્ય દિશા નિર્ધારિત કરવામાં મદદરૂપ બને છે.

કોરોના વાઇરસે ફરી એકવાર માથુ ઊંચક્યું છે, ત્યારે આપણે પણ પહેલાં કરતાં વધુ સાવચેતી સાથે સક્રીય રહીએ, આપણા વડીલોનું રસીકરણ કરાવીએ અને નાસીપાસ થયા વિના લડાઈ આત્મવિશ્વાસથી લડતા રહીએ.

આપ સહુ સ્વસ્થ રહો, સુરક્ષિત રહો તેવી શુભેચ્છાઓ સાથે...

**ડૉ. હર્ષદ પટેલના જયહિંદ**






# सीखनेकी Melodious धून, only on Teachers'Tune

**Hiral Mehta**
COT,IITE Gandhinagar

"आप सुन रहे हे एफ एम 99.9 सुनो दिल से ...शाम के 7 बज चुके हैं। **" ઘરે પાછા ફરતા ફરતા રેડિયો સાંભળવાની જૂની આદત. એ દિવસે ખૂબ જ આનંદ થયો સાંભળી ને કે સાંજના 7 વાગી ગયા છે અને મેં ટ્યૂન કરી દીધુ એક નવું જ રેડિયો સ્ટેશન. ટ્યૂન કરતાની સાથે જ વાગવા લાગ્યું, "શિક્ષણ જગતની ક્ષિતિજોને વિસ્તારતો આઈઆઈટીઈ નો નવો પ્રકલ્પ એટલે ઈન્ટરનેટ રેડિયો સ્ટેશન - Teachers' Tune (ટીચર્સ ટ્યૂન). જ્યાં સંભળાશે જાણીતા, માનીતા, અનુભવી વકતાઓની વાત અને આઈઆઈટીઈના વિદ્યાર્થીઓની અભિવ્યક્તિઓનો આસ્વાદ....તો સાંભળતા રહો Teachers' Tune રોજ સાંજે 7 વાગે."**

19 નવેમ્બર 2020, જ્ઞાન પંચમીનો શુભ દિન અને એ દિવસે થયો શુભારંભ આ નવો પ્રકલ્પ એટલે ટીચર્સ ટ્યૂન. 7 માર્ચના રોજ ટીચર્સ ટ્યૂનના 100 દિવસ પૂર્ણ થયા. આઈઆઈટીઈના કેમ્પસથી શરૂ થયેલી 'શીખવા અને શીખવવાની નવી ધૂન' આજે 21 થી વધુ દેશોમાં દરરોજ સરેરાશ 2500થી વધુ શ્રોતાઓ સાથે ધૂમ મચાવી રહી છે. આ અનોખો પ્રકલ્પ શરૂ કરવાનું વિચારબીજ મળ્યું આઈઆઈટીઈના માન. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ પાસેથી. કુલપતિશ્રીના નેતૃત્વની ખાસિયત એ છે કે કોઈપણ વિચારને તેઓ ખૂબ જ ઝડપથી કાર્યાન્વિત કરી દેવાનો માર્ગ મોકળો બનાવી દે છે. ટીચર્સ ટ્યૂનની બાબતમાં પણ એમ જ થયું. 'પરામર્શન પાથેય' કાર્યક્રમ અંતર્ગત સૌરાષ્ટ્રના પ્રવાસ દરમિયાન કુલપતિશ્રી અને યુનિવર્સિટીના પબ્લિક રીલેશન ઓફિસર શ્રી પારસ જ્હા વચ્ચે ઇન્ટરનેટ રેડિયો સ્ટેશન વિશે થયેલો માત્ર 3 મિનિટનો સંવાદ આપણી યુનિવર્સિટીના પોતાના ઇન્ટરનેટ રેડિયો સ્ટેશન 'Teachers' Tune'ની ફલશ્રુતિમાં પરિણમ્યો. પ્રવાસ દરમિયાન જ કોન્ફરન્સ કોલ અને વોટ્સએપ ગ્રૂપના માધ્યમથી આ અનોખા રેડિયો સ્ટેશન કાર્યાન્વિત કરવાની કામગીરી શરૂ થઈ ગઈ.

ઇન્ટરનેટ રેડિયો સ્ટેશન એ ઇન્ટરનેટના માધ્યમથી શ્રોતાઓ સુધી પહોચવાનું સરળ માધ્યમ છે. આ માટેની ટૅક્નિકલ બાબતોની કામગીરી પૂરી થઈ અને ખરી મજા શરૂ થઈ. કોરોનાનો સમય. પ્રસારણ કેવી રીતે સરળ કરવું, તેનો સમય કયો રાખવો, સ્ટેશન મેનેજ કેવી રીતે કરવું અને સહુથી મહત્ત્વનું - રેડિયોના કાર્યક્રમોના સંચાલ કરવા માટે વિદ્યાર્થીઓને RJ તરીકે કેવી રીતે તૈયાર કરવા. આ બધું એક પડકાર જેવું જ હતું, પણ શિક્ષક એ જ તો છે જે પડકાર ઝીલે અને ઝીલતા શીખવે. સેન્ટર ઓફ ટ્રેનિંગ(COT)ના શિરે રેડિયો સ્ટેશનના સંચાલનની જવાબદારી આવી. માન. કુલપતિશ્રીના સતત માર્ગદર્શન, પારસ જ્હાનો સમૂહ માધ્યમોનો અનુભવ, COTના

ડાયરેક્ટર ડો. વિરલ જાદવ તથા ડેપ્યુ. ડાયરેક્ટર ડો. સોનલ થરેજા અને ટીમ COTના સઘન પ્રયત્નોનું પરિણામ ટીચર્સ ટ્યૂનને 100 દિવસના સીમાચિહ્ન પર લઈ આવ્યું છે. આ 100 દિવસોમાં 75 થી વધુ વક્તાઓના કાર્યક્રમોનું પ્રસારણ અને 25 જેટલા વિદ્યાર્થી RJ ની સુદૃઢ ટીમ બની છે. જેટલું સરળતાથી આ લખાઈ ગયું એનાથી વધુ પડકારજનક હતી, અમારી ટીચર્સ ટ્યૂનના ધ્વનિતંરગો દ્વારા શીખવાની આ યાત્રા.

મને હજુ યાદ છે એ દિવસ જ્યારે કોરોનાને કારણે યુનિવર્સિટી કેમ્પસ પર વિદ્યાર્થીઓની હાજરી ન હોવા છતાં ઓડિશન માટે વિદ્યાર્થીઓને તેમના ઓડિયો રેકોર્ડિંગ ઓનલાઇન મોકલવાની સૂચના આપી તો, 100 થી વધુ વિદ્યાર્થીઓના ઓડિયો ક્લિપ્સથી ઇનબોક્સ ભરાઈ ગયું હતું. વિદ્યાર્થીઓનો આવો ઉત્સાહ જોઈને અમારો પણ ઉમંગ બેવડાયો. આ ઓડિયો ક્લિપ્સમાંથી રેડિયો માટે યોગ્ય અવાજની છણાવટ કરી વિદ્યાર્થી RJsની પસંદગી થઈ. કેટ-કેટલા રી-રેકોર્ડીંગ અને સ્ક્રિપ્ટ માટેના કેટ-કેટલા સંવાદો. પણ વિદ્યાર્થીઓ તો આઈઆઈટીઈનાને! આ બધા જ પડાવો અને પડકારો પસાર કરી 100 વિદ્યાર્થીઓમાંથી આજે 25 RJ ટીચર્સ ટ્યૂન પર વક્તાઓ અને વિદ્યાર્થીઓની અભિવ્યક્તિઓનો આસ્વાદ આપણને કરાવે છે. એટલું જ નહીં, પોતાની અનોખી શૈલીને લીધે શીખવાની પ્રક્રિયાને વધુ મજેદાર બનાવે છે.

કોરોનાએ આખા વિશ્વને વર્ચ્યુઅલ વર્લ્ડની એક યાત્રા કરાવી દીધી. આખી દુનિયા ઓનલાઈન મોડમાં આવી ગઈ. દરેક પડકારને તકમાં ફેરવવી એ જ તો આઈઆઈટીઈની ખાસિયત છે. વર્ક ફ્રોમ હોમ અને લર્નિંગ ફ્રોમ હોમ આવી ગયું ત્યારે દરેક માટે એક અઘરી પરિસ્થતિનું નિર્માણ થયું. ઘરે હોઈએ એટલે પરિવારજનો કામ ચીંધ્યા વિના રહે નહિ અને આખો દિવસ સ્ક્રીન સામે બેસી બેસીને હવે તો સ્ક્રીનથી વિરહ કરવાનું મન થઈ જાય. એવામાં આંખોને મળે આરામ અને કાનોમાં સંભળાય નવી ધૂન, કામ કરતા રહો, શીખતા રહો અને સાંભળતા રહો ટીચર્સ ટ્યૂન.

આ રીતે ઓડિયો દ્વારા શીખવાની પ્રક્રિયાને ટીચર્સ ટ્યૂને નવો આયામ આપ્યો. શીખવાનું કેવી રીતે અને શું? ટીચર્સ ટ્યૂનમાં અમારા વક્તાઓ અલગ અલગ સેગમેન્ટ દ્વારા ફિલોસોફી, ટીચિંગ મેથડ, ટીએલએમ, સ્કીલ, ફેશન, ફૂડ, ફિલ્મ અને બુક રીવ્યુ, ટેક્નૉલૉજી, સંગીત, નૃત્ય, સાહિત્ય, ફિટનેસ, ઇતિહાસ, સંબંધો, મેનેજમેન્ટ, ગણિત, વિજ્ઞાન, જીવન મૂલ્યો, વ્યક્તિ વિશેષ, સમાચાર, પેરેન્ટિંગ, વાર્તા, પેડાગોજી જેવા અનેક વિષયોને આવરી લઈને વિદ્યાર્થીઓના Cognitive, Affective and Psychomotor Domains ના વિકાસમાં પોતાનું યોગદાન આપે છે.

એક કલાકનો અનોખો ક્લાસ કે જેમાં સંસ્કૃત ઓનલાઈનથી થાય શરૂઆત, પછી ક્યારેક હોય કહાની મૂલ્યોની તો ક્યારેક વાત મેનેજમેન્ટની, ક્યારેક લઈ જાય આપણને ઇતિહાસની સફરે અને ક્યારેક સાહિત્યનાં સથવારે, લાઈફના ફંડા શીખવાડે અને જિંદગીના ઝરોખામાં ડોકિયું કરાવે, તો ક્યારેક મનને મિત્ર બનાવવાની NLPની નવી રીતો શીખવાડે. વિજ્ઞાન વાણી દ્વારા

> ये है हमारा Teachers' Tune
> जहाँ होगा चार्मीदीदी का charm,
> और दिग्विजय करेगा यहाँ traffic jam
> देखने को मिलेगी अमितभाई की धांसू एक्टिंग
> और रविन्द्रभैया के camera का सही setting
> होंगे नैन्सी के नख़रे
> और खेवनादीदी कहेंगी की वडा तो चख ले
> Mishwa की वही घिसीपिटी कथाएँ
> और अनिरुद्धभाई बनायेंगे नई ही रेखाएँ
> मननभाई होगें खुद में मगन
> और Teachers' Tune छू लेगा गगन
>
> -By RJ Kshiti

કરે વિજ્ઞાનની અવનવી વાતો તો વિદિશા શીખવે મેનેજમેન્ટની અનોખી ભાષા. સ્વાદ ભી હેલ્થ ભી ની કરે વાત અને કરાવે ઓનલાઈન પારંપરિક વાનગીઓનો આસ્વાદ. પ્રેરક પ્રસંગો, વાર્તા, કવિ શું કહેવા માંગે છે, ફિટનેસ મંત્ર, જીવન મંત્ર અરે હેપ્પીનેસ મંત્ર પણ શીખવાડે છે આપણા સૌનું ટીચર્સ ટ્યૂન. અને હા ઉજવણી વિના તો ક્યાંય મજા ના આવે. અમે પણ ટીચર્સ ટ્યૂનનાં માધ્યમથી નવવર્ષ, ગણતંત્ર દિન, વસંત પંચમી, મહિલા દિન, અમદાવાદનો જન્મદિન, મહાશિવરાત્રી જેવા અનેક ખાસ દિવસોને માણ્યા અને ઉજવ્યા.

અરે હા, આ ક્લાસ અનોખો છે, શિક્ષકો સાથે વિદ્યાર્થીઓનો પણ દબદબો છે. ટહુકો: villageથી worldનો, સપોર્ટ સપાટા, શબ્દાનુભુતી, TechTwist, સ્વરસરિતા, કોમેડી કા તડકા, Nature Walk જેવા સેગમેંટમાં વિદ્યાર્થીઓ પોતાના કૌશલ્યોને વધુ નિખારે છે અને પોતાની વાત ભાવિ શિક્ષક તરીકે લોકો સમક્ષ મૂકતા શીખે છે.

જે તાલીમાર્થીઓ કદાચ ક્લાસરૂમમાં ઓફલાઈન અભિવ્યક્તિ નહોતી કરી શકતા, તેઓ આ અવાજના માધ્યમથી ખૂબ સરસ રજૂઆત કરતાં થયા છે, શું આ શીખવાની પ્રક્રિયા નથી? પરીક્ષા હોય અને વિદ્યાર્થી પરીક્ષાની તૈયારી સાથે પોતાના વિવિધ સેગ્મેન્ટનાં રેકોર્ડીંગની તૈયારી કરે શું આ મેનેજમેન્ટ શીખવવાની પ્રક્રિયા નથી? ફાવશે, નહિ ફાવે, ક્યારેક હા કે નાં, આજે તો મેજર સબ્જેક્ટનું પેપર છે યાર... પણ જવાબદારી લીધી હોય એટલે એડ્જસ્ટ કરવા તૈયાર. શું આ જવાબદારી અને નિર્ણય ક્ષમતા વિકસાવવાની વાત નથી? કોઈ સ્ક્રિપ્ટ લખી આપે, કોઈ બોલી આપે, કોઈ ફોટો અને વિડીયો શૂટ કરી આપે, કોઈ ડાયરેકશન કરી આપે. શું આ સહકાર અને સુમેળ શીખવાની પ્રક્રિયા નથી? આ જ તો છે આઈઆઈટીઈની શિક્ષક ઘડતરની પ્રક્રિયા કે જે આવા જુદા જુદા પ્રકલ્પો દ્વારા ભાવિ શિક્ષકોને અવનવી પ્રક્રિયામાં મૂકી તેને એક ઉત્તમ શિક્ષક બનવા માટેનું મુક્ત માહોલ આપે છે. જ્યાં માહોલ છે, ત્યાં મૂલ્યો વિકસવાની તક પૂરી રહેલી છે. તો તમે રાહ કોની જોવો છો? હજુ નથી સામેલ થયા આ શીખવાની પ્રક્રિયામાં તો થઈ જાઓ અને બજાવી લો તમારી ધૂન only on Teachers'Tune.




# Common terms related to English Language Teaching & Learning

**Dr. Alpeshkumar G. Nakrani**
Assistant Professor,
Smt. J. J. Kundaliya Graduate Teachers' College, Rajkot

English is the widely-spoken language in the world. We can call it a lingua franca or a global language or international language. Therefore, a lot of people get confused about the different abbreviations and terms related to English language. Those who want to become a teacher of English or are aspiring to go abroad for study should be familiar with some important terms related to English language. Learning any language of the world for a specific purpose changes the role of the language. We have come across many terms like mother tongue, first language, second language, foreign language etc. Each term has a specific meaning and when it is associated with English language teaching and learning, the concepts change. Let's be familiar with some of these interesting terms.

TESOL, TEFL, TESL, EFL, ESL are very similar in terms and they are often used interchangeably in the field of teaching English. When you are searching for jobs, apply to any positions advertised using these various acronyms, as there is no standardized acronym system at present. There are also many other acronyms too numerous to mention, which are also used concerning different certificate programs. Do not let these acronyms confuse you, just be aware that many do exist.

**Teaching English Language**

- **TEFL –** Teaching English as a foreign language
- **EFL –** English as a foreign language
- **TESOL –** Teaching English to speakers of other languages
- **ESOL –** English for speakers of other languages
- **TESL –** Teaching English as a second language
- **ESL –** English as a second language
- **ESP –** English for specific purposes
- **EAP –** English for academic purposes

**TEFL – Teaching English as a foreign language**

Teaching of English as foreign language is the teaching of English to students with different first language. First language is nothing but your mother tongue. The learner already knows at least one language. Teaching of English as foreign language is also there for immigrants. Teachers may be native or non-native speakers. A Teaching English as a Foreign Language (TEFL) online course can contribute a lot to those willing to teach English worldwide. Teaching English in a non-native English-speaking country, e.g.,

teaching English in Korea; they are learning a foreign language – English. A teacher is teaching them a foreign language. The methods and approaches of teaching English as a second language and foreign language do differ greatly. It refers to teaching English in a country where English is not a primary language (rather, it is a foreign language). An example of TEFL would be a teacher from the U.S. teaching English in China.

**EFL – English as a foreign language**

EFL is English which is taught to students in a foreign, non-English speaking country. As it is true of many European countries, where is common to learn to speak more than one foreign language. Normally English is learnt in such countries for more privileged class which helps them to connect themselves to the all the English-speaking nations of the world. English as a Foreign Language (EFL) is the term used to describe the study of English by non-native speakers in countries where English is not the dominant language. This is not to be confused with English as a Second Language—also called English as an Additional Language—which is the practice of learning English in a predominantly English-speaking country. countries in which English is used some but is not widely spoken.

**TESOL – Teaching English to speakers of other languages**

Teaching English to Speakers of Other Languages – a term that is used to distinguish English language teaching as a professional activity that requires specialized training. Training in TESOL methodology is generally recommended for teachers who plan to work with learners who are non-native English speakers living in an English-speaking country. Teachers help students to use English to communicate in their daily life in an English-speaking country. This includes things like going shopping, ordering food at a restaurant, interviewing for a job, how to make small talk with coworkers, and so on. the teaching of English to people whose first language is not English, especially in an English-speaking country.

**ESOL – English for speakers of other languages**

The meaning of the abbreviation ESOL is English to Speakers of Other Languages. It is related to TESOL.

**TESL – Teaching English as a second language**

Teaching English in a native English-speaking country, e.g., teaching English in America to Chinese-speaking people; they are learning a second language. A teacher is teaching them a second language. A TESL certificate usually refers to people who plan to teach to non-native English speakers living in a native-English-speaking country.

**ESL - English as a Second Language**

A second language is any language a person uses other than his mother tongue (First language). It is also called L2. Second language is not his mother tongue but he has learnt it later. For. Example a Gujarati student has Gujarati as first language as he was born and brought up in Gujarat and when he learns any other language like Hindi, Marathi or English it becomes a second language for him. If you are to stay in an English-speaking country for a long time you need to learn the language for daily communication and that is learning English as a second language. Therefore, there are professional courses going on with the name of TESL (Teaching English as Second Language). English-speaking countries that have historically adopted English as a second language or lingua franca. ESL countries are nations where the medium of instruction in education and government is in English, although English may not be the native language. EFL countries do not use English as a medium of instruction but English is taught in schools. English is the international language of business, commerce, science, medicine, and

many other key areas. There are many good reasons to learn English as second language. There are more than 6,000 different languages spoken all over the world, but English is and will continue to be a common means of communication for speakers of all languages.

**ESP – English for specific purposes**

English for Special Purposes includes students who are learning English in context of a certain field, profession, or topic. For example, when teaching legal English, it was teaching English in context of law. Many people around the world are learning English because of specific needs in their work. Some examples of occupations in which employees need to or choose to learn English to improve their English proficiency, and as a result, their work, are: business people, pilots, engineers, travel agents, hotel staff, etc. – virtually all occupations on the planet! English for specific purposes (ESP) is a subset of English as a second or foreign language. It usually refers to teaching the English language to university students or people already in employment, with reference to the particular vocabulary and skills they need. ESP as simply being the teaching of English for any purpose that could be specified.

**EAP – English for academic purposes**

EAP means English for Academic Purposes means to learn English that will allow them to be successful in their academic pursuits in an English-speaking educational institution. English for academic purposes, commonly known as Academic English, includes training students, usually in a higher education setting, to use language appropriately for study. It is one of the most common forms of English for specific purposes. English for Academic Purposes, or EAP for short, is the English which is needed to study or conduct research using that language. To study another subject in English, to enter university.

**TOEFL (Test of English as a Foreign Language)**

International students who have learned English as a second or foreign language and wish to attend an English-speaking university or college (usually in North America) must write and pass the TOEFL test. A passing score on the TOEFL is one of the main entrance requirements. Test of English as a Foreign Language is a standardized test to measure the English language ability of non-native speakers wishing to enroll in English-speaking universities. The test is accepted by many English-speaking academic and professional institutions. TOEFL is one of the two major English-language tests in the world, the other being the IELTS. TOEFL is a trademark of the Educational Testing Service (ETS), a private non-profit organization, which designs and administers the tests. ETS issues official score reports which are sent independently to institutions and are valid for two years following the test.

**IELTS (International English Language Testing System)**

The International English Language Testing System (IELTS)is an international standardized test of English language proficiency for non-native English language speakers. It is jointly managed by the British Council, IDP: IELTS Australia and Cambridge Assessment English and was established in 1989. IELTS is one of the major English-language tests in the world. Many English language learners need IELTS in order to pursue academic or non-academic training. IELTS is recognized by universities, employers in many countries, professional bodies, immigration authorities and other government agencies. IELTS is accepted by most Australian, British, Canadian, European, Irish and New Zealand academic institutions, by over 3,000 academic institutions in the United States, and by various professional organizations across the world.



# The Science of Language

**Dr. Swarnabharati**
Assistant Professor
Department of English, Languages & Social Sciences
Centre of Education, Indian Institute of Teacher Education, Gandhinagar

Language is all around you. It can make you laugh, make you cry, convey your emotions, make things happen. You use it every day, and have been doing since you were a very young child – even before you could tie your own shoelaces. It's an essential part of what makes us human. Using language is one of the most amazing things we do.

Have you ever stopped to wonder where language came from, how it developed or even what kind of things you really know as a speaker of one or more languages? Well, it would be interesting to know the answers to these curious questions through science. Languages can be studied scientifically and the area is termed Linguistics.

Linguistics refers to the scientific study of language. The word 'linguistics' is derived from the Latin words **'lingua'** meaning 'tongue' and **'istics'** meaning 'knowledge'. According to the Cambridge Dictionary, linguistics refers to 'the scientific study of the structure and development of language in general or of particular language'.

The study of linguistics comes from the natural curiosity of man about the particulars of the language he speaks, evaluated through different perspectives. According to Ferdinand de Saussure, one of the most famous linguists, - "A linguistic system is a series of differences of sound combined with a series of differences of ideas."

Language has a hierarchical structure. In order to study the science of language systematically, we sub-divide the area of study in an analytical and easier way. Each level of the system that constitutes the study of linguistics is independent on its own. These levels can be represented in the following manner:

**Branches of Linguistics**

**Phonetics:** Phonetics refers to the study of the sounds of speech. It deals with the way sounds are produced, transmitted and perceived.

The three main branches of phonetics are:

**1.Articulatory phonetics:** studies the articulation of speech sounds

**2. Acoustic phonetics:** studies the physical properties of speech sounds as transmitted between mouth and ear

**3.Auditory phonetics:** studies the perpetual response to speech sounds as mediated by ear, auditory nerve and brain.

**Phonology:** a study of how sounds/sound patterns/signs are arranged in each language, as organized units of speech. It also looks into the specifications in the distribution of sounds in each language.

**Morphology:** studies the forms of words in different uses and constructions. It is concerned with the evolution of small words from meaningful units called 'morphemes'. It is studied under two fields, namely, inflectional morphology and derivational morphology.

**Syntax:** studies the construction of phrases, clauses and sentences in a language. It analyses the basic word order followed in languages.

**Semantics:** it is a study of meaning. It focuses on studying the structure of meaning in a language and in giving an account of word and sentence meaning.

**Pragmatics:** it is an extension of semantic and deals with the study on how meaning changes with different contexts.

The hierarchy of language can be represented as:

- Phonemes
- Syllables
- Morphemes
- Words
- Phrases
- Clauses
- Sentences/Utterances
- Texts/discourses

# અવિરત કર્તવ્યનિષ્ઠાના અ-દ્વિતીય વર્ષ

## માન. ડૉ. હર્ષદ પટેલના કુલપતિ તરીકે પૂર્ણ કરેલા બે વર્ષના કાર્યકાળનું એક વિહંગાવલોકન

**પારસ જહા,**
જનસંપર્ક અને પ્રકાશન અધિકારી, આઈઆઈટીઈ

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન - આઈઆઈટીઈ)ની વાત કરીએ એ પહેલા વર્ષો પહેલા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી, ગાંધીનગરના પ્રથમ ડિરેક્ટર ડૉ. સુધીર જૈન સાથે થયેલી એક વાત યાદ કરું છું. જ્યારે આઈઆઈટી-ગાંધીનગરની સ્થાપના થઈ ત્યારે જમીન કે મકાન વિના ભારતની અગ્રણી ટેક્નૉલૉજી શિક્ષણ સંસ્થાને કાર્યાન્વિત કરવા માટે ડૉ. જૈનની નિમણૂક આઈઆઈટી કાનપુરથી અહીં કરવામાં આવી હતી. માત્ર ત્રણ વ્યક્તિના સ્ટાફ સાથે શરૂ થયેલી કામગીરી માટે જ્યારે ડૉ. જૈનને પૂછ્યું કે આઈઆઈટી ગાંધીનગર અન્ય પ્રસ્થાપિત આઈઆઈટી જેવી ક્યારે બનશે? એમનો જવાબ સરળ હતો, "કોઈપણ સંસ્થા એક વર્ષ કે એક દશકમાં નથી બનતી. Institution building takes decades of dedication and commitment. (સંસ્થાના નિર્માણ માટે દશકાઓની કટિબદ્ધતા અને સમર્પણ જોઈએ છે.)"



આ સંદર્ભ સાથે વાત કરીએ આઈઆઈટીઈની. કારણ કે, લગભગ બે વર્ષ પહેલાં જ્યારે પણ આઈઆઈટીઈની વાત આવે ત્યારે મોટાભાગના જનસમૂહના મનમાં આઈઆઈટીઈમાં આવતો છેલ્લો 'ઈ' મૂક બની જતો. એટલે શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન અને ટેક્નૉલૉજી શિક્ષણ સંસ્થાન વચ્ચે સ્પષ્ટતા પણ કરવી પડતી. હજી પણ આઈઆઈટી- ગાંધીનગરના વિદ્યાર્થીઓમાં કોવિડના કેસ નોંધાય તો પત્રકાર મિત્રોના ફોન આઈઆઈટીઈ ગાંધીનગરના પીઆરઓ પર આવે છે. જોકે, છેલ્લાં બે વર્ષમાં આઈઆઈટીઈનો એ છેલ્લો 'ઈ' સમગ્ર ગુજરાતમાં સ્પષ્ટપણે સંભળાયો છે અને સમજાયો પણ છે.

માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન સ્થપાયેલી આઈઆઈટીઈ તેની સ્થાપનાનું દસમુ વર્ષ ઉજવી રહી છે. સમગ્ર વિશ્વની આવનારી પેઢીઓ માટે ભારતીય મૂલ્યો અને શિક્ષણ પરંપરાથી સજ્જ વૈશ્વિક ગુણવત્તાયુક્ત શિક્ષકો તૈયાર કરવાનું શ્રી મોદીનું સ્વપ્ન સાકાર કરવા માટે એથ્લેટિક્સના મેદાનમાં યોજાતી રીલે રેસની જેમ આઈઆઈટીઈના વર્તમાન કુલપતિશ્રી માન. ડૉ. હર્ષદ પટેલને તેમના પુરોગામી કુલપતિશ્રીઓ ડૉ. કમલેશ જોષીપુરા અને ડૉ. શશીરંજન યાદવ પાસેથી 'બૅટન' મળી. જાહેર વ્યવસ્થાની કોઈપણ સંસ્થામાં અનુગામીને મળતા પુરોગામીઓનો વારસો અને વ્યવસ્થામાં જે છે તેમાં પોતાની વ્યક્તિગત કાર્યકુશળતાથી વધુ સારું શું થઈ શકે? સંસ્થાને એક નવા મુકામ પર કેવી રીતે પહોંચાડી શકાય? તે નિશ્ચિત કરવાથી સમગ્ર વ્યવસ્થા વ્યક્તિ આધારિત ન બની રહેતા પ્રક્રિયા આધારિત બની રહે છે. એટલા માટે જ પોતાની વૈજ્ઞાનિક સિદ્ધિઓ માટે પોતાના પુરોગામીઓને પણ સહભાગી ગણાવનારા આઈઝેક ન્યૂટનનું વાક્ય દરેક સંસ્થાના નેતૃત્વને લાગુ પડે છે. ન્યૂટને કહ્યું હતું, "હું વધુ આગળ જોઈ શક્યો કારણ કે હું મારા પુરોગામીઓના ખભા પર ઊભો છું."

યુનિવર્સિટીમાં યોગ્ય માળખાકીય સુવિધાઓ અને વ્યવસ્થાઓની ઉપલબ્ધતા સાથે 8 માર્ચ, 2019ના રોજ માન. ડૉ. હર્ષદ પટેલે આઈઆઈટીઈના કુલપતિશ્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો. છેલ્લા બે દાયકાથી ગુજરાતના જાહેર જીવન અને ખાસ કરીને શિક્ષણ વિદ્યાશાખાના એક વરિષ્ઠ અધ્યાપકને જ શિક્ષક પ્રશિક્ષણની યુનિવર્સિટીનું સુકાન સોંપાય ત્યારે કંઈક અનોખું ન થાય તો જ નવાઈ.

માન. કુલપતિશ્રીનું વ્યક્તિત્વ કેટલાક સ્પષ્ટ દૃષ્ટિકોણ અને મૂલ્યોથી ઘડાયું છે, જેનો ઉલ્લેખ તેમણે પોતાના વિવિધ વક્તવ્યોમાં પણ કર્યો છે. આઈઆઈટીઈમાં પોતાના કાર્યકાળના પ્રારંભિક બે વર્ષમાં જે કાર્યો થયા છે, તેમાં એ દૃષ્ટિકોણ અને મૂલ્યો પડઘાતા જોવા મળે છે. કાર્યસિદ્ધિની નોંધ લઈએ તે પહેલાં કુલપતિશ્રીના ત્રણ ચાવીરૂપ દૃષ્ટિકોણ સમજીએ












IITE
2nd Convocation
Indian Institute of Teacher Education
21st December, 2019






IITE
Indian Institute of Teacher Education
कलाकुंज
Youth Fest
Indian Institute of Teacher Education














ગુજરાત રાજ્ય
શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ



**1. "Training cannot be darling."**

તાલીમ આપતી વખતે વિદ્યાર્થીનું હિત સમગ્રતામાં જોવું પડે, નહીં કે એક-બે મુદ્દા કે તેમની અનુકૂળતા. એટલે 'કાવો કડવો લાગે તો પણ કોરોનાથી બચવા માટે પીવો પડે.' આ બાબતનો અનુભવ આઈઆઈટીઈના સેન્ટર ઓફ એજ્યુકેશનમાં અભ્યાસ કરતા શિક્ષક તાલીમાર્થીઓને થયો હશે. ક્યારેક ન પણ ગમે પરંતુ અનુશાસન, શિસ્ત અને નિયમિત અભ્યાસકાર્ય એ કોઈપણ શિક્ષકના મૂળભૂત ગુણો છે એટલે તેમને આત્મસાત કરવા માટે કઠોર તાલીમ લેવી પડે. પછી એ ગમે કે ન ગમે. ભાવિ શિક્ષકની તાલીમમાં શિસ્ત, અનુશાસન સાથે બાંધછોડ ન હોઈ શકે.

**2. Efforts are important, result is not**

માન. કુલપતિશ્રી સાથેના સંવાદોમાં આ વાક્ય સાંભળવા મળ્યું હશે. આ વાત સરળ વાક્યમાં ગીતાના કર્મયોગનો સંદેશો છે. જેમ ગંતવ્ય સ્થાન પર પહોંચવા માટે કેવા વાહનનો, કયા માર્ગનો અને કેવી રીતે ઉપયોગ કરીએ છીએ તેના પરથી એ સ્થાને પહોંચ્યા પછી આનંદ થશે, થાક લાગશે કે પછી નિરાશા મળશે તેની અનુભૂતિ આધારિત હોય છે. આથી જ કોઈ નિર્ધારિત લક્ષ્યને મેળવવા માટે તમે કેટલા પ્રયાસો, કેટલી અસરકારકતા અને કેટલા ઉત્સાહથી કરો છો, તે મહત્ત્વનું છે. જો તમે તમારી ક્ષમતાનો પૂર્ણ ઉપયોગ કરીને પૂરી શ્રદ્ધા અને કટિબદ્ધતાથી ધ્યેય સિદ્ધ કરવા માટેના પ્રયાસો કરો છો, ત્યારબાદ જે પરિણામ આવે તેની ચિંતા નથી કરવાની. કારણકે તેને માટે તમારા પ્રયાસો ઓછા પડ્યાની નિરાશા નહીં હોય. એ સ્થિતિ પરિણામને સ્વીકારીને ફરી તેને બહેતર બનાવવા માટે તમને કાર્યરત્ થઈ જવાની નવી ઊર્જા આપશે. એક નવા લક્ષ્ય તરફ તમને દોરી જશે.

**3. Direction is more important than speed**

આઈઆઈટીઈએ છેલ્લા બે વર્ષમાં વિવિધ દિશાઓમાં જે કામગીરી કરી છે તે જોતાં એમ લાગે કે, યુનિવર્સિટીએ લોકમાનસમાં અને રાજ્યમાં તેનું પ્રવર્તમાન સ્થાન ખૂબ જ ઝડપથી હાંસલ કર્યું છે. પરંતુ આ ઝડપ કરતાં પણ વધુ મહત્ત્વ છે દિશા. માન. કુલપતિશ્રીએ આઈઆઈટીઈ પરિવારની સંખ્યાબંધ સંસ્થાઓના સભ્યો સાથેના સંવાદમાં આ વાત કહી છે – "ઝડપ કરતાં દિશા વધુ મહત્ત્વની છે." જો ઝડપ હોય પરંતુ દિશા ન હોય તો સમય, સંસાધનો અસરકારક રીતે ઉપયોગમાં લઈ શકાતા નથી અને તે ઊર્જા અને અવસરના વ્યય તરફ દોરી જાય છે. આથી કોઈપણ ધ્યેય તરફ ગતિ કરતાં પહેલાં તે માટેની દિશા સુનિશ્ચિત કરવી જરૂરી બને છે.

આ ત્રણ મહત્ત્વપૂર્ણ દૃષ્ટિકોણ સાથે 8 માર્ચ 2019ના રોજ આઈઆઈટીઈમાં કાર્યાન્વિત થયેલી માન. કુલપતિશ્રીના વ્યક્તિત્વની ઊર્જાએ યુનિવર્સિટીને માર્ગદર્શક નેતૃત્વ આપ્યું છે. જેને કારણે વ્યવસ્થાતંત્રની કાર્યક્ષમતા અને માન. નરેન્દ્ર મોદીએ યુનિવર્સિટીની સ્થાપના સમયે જોયેલા દૂરદર્શી સ્વપ્નને સાકાર કરવાની દિશાને એક નવું બળ મળ્યું છે.

વર્ષ 2019માં રાજ્ય સરકારે આઈઆઈટીઈને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં ચાલતા બી.એડ્. અભ્યાસક્રમોની જવાબદારી સોંપી અને આઈઆઈટીઈનો રાજ્યમાં વ્યાપ વધ્યો. આઈઆઈટીઈના સેન્ટર ઑફ એજ્યુકેશનમાં પૂર્ણકાલિન અધ્યાપકોની નિમણૂક કરવામાં આવી. આ ઉપરાંત નવા ચાર સેન્ટર – સેન્ટર ઑફ ટ્રેનિંગ, સેન્ટર ઓફ સ્પેશિયલ એજ્યુકેશન, સેન્ટર ઑફ રિસર્ચ અને સેન્ટર ઑફ એક્સ્ટેન્શનની રચના કરવામાં આવી જેના માધ્યમથી સમાજના પ્રત્યેક વર્ગ સુધી યુનિવર્સિટીનો વ્યાપ વધારી શકાય. મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે

આ પાંચ સેન્ટર્સની રચના અને રાજ્યની સરકારી અને અનુદાનિત બી.એડ્. કૉલજોને, ડાયેટ સંસ્થાઓને આઈઆઈટીઈ સાથેના જોડાણના પગલાંને ભારત સરકારના નીતિ આયોગ દ્વારા પણ દેશમાં માનવ સંસાધન વિકાસ ક્ષેત્રની 23 બેસ્ટ પ્રેક્ટિસિસમાં સ્થાન આપ્યું છે. જેનાથી આઈઆઈટીઈની નોંધ સમગ્ર દેશમાં લેવાઈ છે.

સમાજ અને સરકાર હંમેશાં પથદર્શક શિક્ષકોની નોંધ લેતા રહ્યા છે અને 'શિક્ષક દિન' જેવા વિશિષ્ટ દિવસોએ તેમના યોગદાનને સમ્માનતા પણ રહ્યા છે. પરંતુ એ શિક્ષકોને ઘડીને તૈયાર કરનારા શિક્ષક પ્રશિક્ષકોએ રાષ્ટ્ર નિર્માણમાં આપેલા મૂક યોગદાનની નોંધ લઈને શિક્ષક પ્રશિક્ષણ અને શિક્ષકની ભૂમિકાનું જનસામાન્યમાં એક અનોખું સ્થાન સ્થાપિત કરવાના ભાગરૂપે આઈઆઈટીઈ દ્વારા રાજ્યના 100થી વધુ શિક્ષક પ્રશિક્ષકોનું રાજ્યપાલશ્રીના હસ્તે સમ્માન કરવામાં આવ્યું. દેશના મહાન વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈના જન્મશતાબ્દી વર્ષની ઉજવણી જન સામાન્યમાં વિજ્ઞાન પ્રત્યેની રૂચિ કેળવાય તે રીતે થાય તે હેતુથી 'ડૉ. વિક્રમ સારાભાઈ સેન્ટિનરી સેલિબ્રેશન ડાયલૉગ સીરિઝ'નું આયોજન કરવામાં આવ્યું જેમાં પર્યાવરણવિદ્ કાર્તિકેય સારાભાઈ સહિત અગ્રણી તજજ્ઞોએ સંવાદ કર્યો.




ડિસેમ્બર 2019માં યુનિવર્સિટીના બીજા પદવીદાન સમારંભનું આયોજન મહાત્મા મંદિર ખાતે થયું, જેમાં માન. કુલપતિશ્રીએ પણ ટીચર યુનિવર્સિટીના એક વિદ્યાર્થી તરીકે પદવી મેળવી હતી. વર્ષ 2020ના પ્રારંભે જાન્યુઆરી 26 થી 30 દરમિયાન મહાત્મા ગાંધીની 150મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે આઈઆઈટીઈ દ્વારા સમગ્ર રાજ્યમાં 'બાપુ સ્કૂલ મેં' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં આઈઆઈટીઈના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને વહીવટી પાંખ મળીને 560 જેટલાં ગાંધી વિચાર વિસ્તારકોએ રાજ્યના ખૂણે ખૂણે આવેલી 11 હજારથી વધુ શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓના 1 લાખથી વધુ વિદ્યાર્થીઓ સુધી મહાત્મા ગાંધીના જીવન અને વિચારને પહોંચાડ્યા. આ કાર્યક્રમમાં માન. કુલપતિશ્રીએ પણ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પહોંચેલા શિક્ષક તાલીમાર્થીઓ સાથે સંપર્ક કર્યો અને તેમને પ્રોત્સાહિત કર્યા.

શિક્ષક તાલીમાર્થીઓને ઇન્ટર્નશીપ માટે પણ શહેરી, ગ્રામ્ય, ખાનગી, સરકારી, મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત, ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ, અનુદાનિત, આશ્રમ શાળાઓ, નિવાસી શાળાઓ એમ વિવિધ પ્રકારની શાળાઓમાં મોકલવામાં આવ્યા. તાલીમાર્થીઓએ શરૂઆતમાં ખચકાટ સાથે શરૂ કરેલી એ ઇન્ટર્નશિપના અંતે જ્યારે તેમણે કુલપતિશ્રી સમક્ષ પોતાના અનુભવો વર્ણવ્યા ત્યારે તેમના ચહેરા પર એ નવા અનુભવોનો આનંદ અને સંતોષ દેખાતો હતો.

સેન્ટર ઑફ એજ્યુકેશનમાં દરરોજ સવારે થતી વિદ્યાર્થીઓની પ્રાર્થના સભામાં હાજરીથી લઈ સાંજે સૌથી છેલ્લે યુનિવર્સિટીનું સંકુલ છોડનારા માન. કુલપતિશ્રી યુનિવર્સિટીની વહીવટી અને શૈક્ષણિક પ્રવૃત્તિમાં ઓતપ્રોત રહ્યા છે. આ સક્રિય નેતૃત્વની ફલશ્રુતિ એટલે યુનિવર્સિટીના નેજા હેઠળ કાર્યાન્વિત થયેલાં વિવિધ પ્રકલ્પો. ડિસેમ્બર 2019માં પદવીદાન સમારંભ, જાન્યુઆરીમાં 'બાપુ સ્કૂલ મેં' કાર્યક્રમ, ફેબ્રુઆરીમાં વિદ્યાર્થીઓની ઇન્ટર્નશીપ્સ, માર્ચ 2020માં યુનિવર્સિટી સંલગ્ન સંસ્થાઓમાં અભ્યાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓ અને ગુણવત્તાયુક્ત શિક્ષકો ઇચ્છતી શાળાઓ વચ્ચે સેતુ સમાન પ્લેસમેન્ટ પોર્ટલ - 'આદિત્ય'ની સંકલ્પના થઈ અને 6 માર્ચના રોજ માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે, માન. શિક્ષણમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં તેનું લોકાર્પણ કરવામાં આવ્યું.

વર્ષ 2020ની શરૂઆતમાં જ અચાનક આવી પડેલી કોરોના મહામારીને કારણે સમગ્ર વિશ્વની જેમ આઈઆઈટીઈમાં પણ અભ્યાસ પ્રક્રિયામાં વિક્ષેપ પડ્યો. પરંતુ શિક્ષક પ્રશિક્ષણ સંસ્થા તરીકે આવી મુશ્કેલ ઘડીમાં પણ સમાજનો જુસ્સો જળવાઈ રહે તેની નૈતિક જવાબદારી પણ નિભાવવાનું ચૂક્યા નથી. માન. કુલપતિશ્રીની પ્રેરણાથી યુનિવર્સિટીનાં અધ્યાપકો સાથે મળીને કોવિડથી બચવાના સૂચનોનો વિડિયો, તણાવ અને




ડરના સમયમાં પણ જન સામાન્યમાં હળવી અને હકારાત્મક વાત સાથે આઈઆઈટીઈની માહિતી પહોંચે તેવું અનોખું સોશિયલ મીડિયા કેમ્પેન 'હળવાશ સાથે હિરલ'નું નિર્માણ કરવામાં આવ્યું.

સાથે સાથે શૈક્ષણિક કેલેન્ડરને મહામારીની વિશેષ અસર ન થાય તેને ધ્યાનમાં લઈને સેન્ટર ઑફ એજ્યુકેશનમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે બાયસેગની વંદે ગુજરાત ટીવી ચેનલ, ગૂગલ ક્લાસરૂમ, માઇક્રોસોફ્ટ ટીમ્સ, ઝૂમ જેવા માધ્યમોના ઉપયોગથી સમયસર શૈક્ષણિક કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું. શૈક્ષણિક જગતે મહામારી સામે વેબિનાર અને ઓનલાઇન વર્કશોપ જેવાં અનુરૂપ પગલાં ભરીને અભ્યાસ પ્રક્રિયા જાળવી ત્યારે પણ આઈઆઈટીઈએ આંતરરાષ્ટ્રીય સેમિનાર, રાષ્ટ્રીય કક્ષાના વર્કશોપના આયોજનોથી એ સમયકાળમાં શૈક્ષણિક સક્રિયતા સતત જાળવી રાખી. આ પ્રક્રિયાઓને સમાંતર વહિવટી પ્રક્રિયાઓ પણ ઓનલાઇન માધ્યમથી ક્રિયાશીલ રહી. વિદ્યાર્થીઓને લૉકડાઉનમાં પરીક્ષા આપવાની અગવડ ન પડે તે હેતુથી યુનિવર્સિટીએ તેમના ઘરના દરવાજે ઉત્તરવહીઓ અને પેન, પેન્સિલ જેવી સ્ટેશનરી સામગ્રી ભારતીય પોસ્ટના સહયોગથી ગુજરાતના 30 જિલ્લા અને દેશના સાત રાજ્યોમાં પહોંચતી કરી અને પરીક્ષાની પારદર્શિતા અને વિશ્વસનીયતા જળવાઈ રહે તે પ્રકારે પ્રિલીમ પરીક્ષાનું આયોજન થયું.

આ અગાઉ પણ વર્ષ 2019માં યુનિવર્સિટીએ આંતર યુનિવર્સિટી ખેલ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે અન્ય રાજ્યમાં ગયેલાં વિદ્યાર્થીઓની પરીક્ષાનું આયોજન તેમની યજમાન સંસ્થાઓમાં જ કર્યું હતું.

કોરોનાકાળમાં પણ યુનિવર્સિટી કક્ષાની પરીક્ષાઓનું આયોજન પણ પારદર્શિતા અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરીને ઓપન બુક માધ્યમથી કરવામાં આવ્યું. એટલું જ નહીં, ટેક્નૉલૉજીનો અસરકારક ઉપયોગ કરીને એ યુનિવર્સિટી પરીક્ષાની ઉત્તરવહીઓની ચકાસણી અને મૂલ્યાંકન પ્રક્રિયા પણ પૂર્ણ કરવામાં આવી.

શિક્ષક પ્રશિક્ષણ પ્રત્યેની યુનિવર્સિટીની કટિબદ્ધતાને ધ્યાનમાં રાખીને વર્ષ 2020માં કોરોનાના કપરા કાળમાં જ્યારે રાજ્ય સરકારે 29 મે, 2021ના રોજ ગુજરાતની તમામ 39 સરકારી અને અનુદાનિત બી.એડ્. કૉલેજોને આઈઆઈટીઈ સાથે સંલગ્ન કરવાનો નિર્ણય લીધો ત્યારે એક સપ્તાહ કરતાં પણ ઓછા સમયગાળામાં એટલે કે 6 જૂનના રોજ આ તમામ સંસ્થાઓને તેમની તત્કાલિન યુનિવર્સિટીઓ સાથેના જોડાણમાંથી મુક્ત થઈને આઈઆઈટીઈ સાથેનું જોડાણ આપવામાં આવ્યું. આ કામગીરી માન. કુલપતિશ્રીની અન્ય યુનિવર્સિટીના માન. કુલપતિશ્રીઓ સાથેના સક્રિય સંકલન, ટીચર યુનિવર્સિટીના વ્યવસ્થાતંત્રને સુનિયોજિત પદ્ધતિથી સચોટ અને સતત માર્ગદર્શનને કારણે શક્ય બની. નવી જોડાયેલી સંસ્થાઓ સાથે માન. શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના 'ઊઘડતી ક્ષિતિજે' પ્રેરણાદાયી સંવાદનું આયોજન પણ થયું.

જ્યારે પરિવારનો વિસ્તાર થાય ત્યારે નવા સભ્યો સાથેનો પરિચય થાય. તેમની વિશિષ્ટતાઓથી, ક્ષમતાઓથી વાકેફ થવાય તે હેતુથી આઈઆઈટીઈ સાથે જોડાયેલી તમામ સરકારી અને અનુદાનિત બી.એડ. કૉલેજો સાથે 'પરિચય પરિવારનો' પ્રકલ્પ હાથ ધરવામાં આવ્યો.

પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધીમાં નવા શૈક્ષણિક વર્ષ માટેની પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી. ધો. 12ના પરિણામો સમયે






ફેસબુક લાઇવ દ્વારા કારકિર્દી માર્ગદર્શનના તજજ્ઞો સાથે મળીને વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે સંવાદ સાધ્યો. 'माना के अंधेरा घना है, मगर दिया जलाना कहां मना है?' આ સૂત્રને અનુસરતા માન. કુલપતિશ્રીની અડગ મનોબળ અને કાર્યનિષ્ઠાએ કોરોનાકાળમાં વ્યાપેલી નિરાશા અને નિરુત્સાહને ખંખેરી નાખીને આરોગ્ય સાથે કોઈપણ બાંધછોડ કર્યા વિના આઈઆઈટીઈની ટીમમાં ઉત્સાહ અને આત્મવિશ્વાસનો સંચાર કર્યો. આ ટીમે સમગ્ર ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓ માટે ઓફલાઇન પ્રવેશ પ્રક્રિયા માટે ઉદાહરણ પૂરું પાડ્યું.

માન. કુલપતિશ્રીએ રાજ્ય પરીક્ષા બોર્ડ, વિવિધ જિલ્લા કલેક્ટર અને પોલીસ અધિક્ષકની કચેરીઓ, રાજ્ય આરોગ્ય વિભાગ, જિલ્લા શિક્ષણાધિકારીઓ સાથે સંકલન કરીને યુનિવર્સિટીના તમામ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે 'ઇન્ટિગ્રેટેડ ટૅસ્ટ ફોર ટીચર ટ્રેઇની - આઈથ્રીટી' ઓફ લાઇન મોડમાં લેવાનો નિર્ધાર કર્યો. પ્રવેશવાંચ્છુ વિદ્યાર્થીઓ અને પરીક્ષાના આયોજનમાં જોડાયેલા કોઈ પણ વ્યક્તિને કોરોનાનો ચેપ ન લાગે તેની પૂરતી સાવચેતી સાથે આઈથ્રીટીનું આયોજન કર્યું. નોંધપાત્ર બાબત એ છે કે, યુનિવર્સિટી અને સંલગ્ન સંસ્થાઓમાં વિવિધ ઇન્ટિગ્રેટેડ સ્નાતક, અનુસ્નાતક અને રીસર્ચના કાર્યક્રમોમાં ઉપલબ્ધ કુલ 3384 બેઠકો પર પ્રવેશ મેળવવા માટે લગભગ ત્રણ ગણી 11003 ઓનલાઇન એપ્લિકેશન મળી હતી. આ આંકડા છેલ્લા એક વર્ષમાં આઈઆઈટીઈના નામ અને કામની સમગ્ર રાજ્યમાં પ્રસરેલી સુવાસની સાબિતી છે.

ફેસ શિલ્ડ, માસ્ક, સેનેટાઇઝરની 12000 કિટ તૈયાર કરીને 9331 પરીક્ષાર્થીઓ અને પરીક્ષાના આયોજનમાં જોડાયેલી તમામ વ્યક્તિઓને આપવામાં આવી. રાજ્યના 135 પરીક્ષા કેન્દ્રો પર પણ સેનેટાઈઝેશન, સોશિયલ ડિસ્ટન્સિંગ જેવાં સુરક્ષાના પગલાં સુનિશ્ચિત કરીને પરીક્ષા લેવામાં આવી. માન. કુલપતિશ્રીના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આઈથ્રીટીના સફળ અને ચીવટતાભર્યા આયોજનને વિવિધ રાષ્ટ્રીય અને સ્થાનિક સમાચાર માધ્યમોએ પણ બિરદાવ્યું.

પ્રવેશ પરીક્ષા બાદ તૈયાર થયેલી મેરિટ યાદીને અનુસરીને સંપૂર્ણ પારદર્શિતા સુનિશ્ચિત કરીને રાજ્યની સરકારી બી.એડ્. કૉલેજોમાં સૌ પ્રથમ વાર કેન્દ્રીયકૃત પ્રવેશ પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી.

જૂન મહિનાનો છેલ્લો દિવસ એ આઈઆઈટીઈનો સ્થાપના દિવસ છે. આઈઆઈટીઈના દસમા સ્થાપના દિવસની ઉજવણી માન. શિક્ષણમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ઓફલાઇન મોડમાં કરવામાં આવી. આ દિવસે માન. કુલપતિશ્રીએ ટીચર યુનિવર્સિટી તરીકે પાંચ સંકલ્પો જાહેર કર્યાં. જેમાં શિક્ષક પ્રશિક્ષણ માટેનું MOOC (મૂક) પ્લેટફોર્મ 'અંગિરા', દેશના શિક્ષક પ્રશિક્ષકો, તાલીમાર્થીઓ અને સંસ્થાઓ માટેના પુરસ્કાર 'ચાણક્ય', કોરોનાકાળમાં ઓનલાઇન માધ્યમથી શિક્ષણ પ્રક્રિયા પર શું અસર થઈ તેનું સંશોધન કરીને સરકારને અહેવાલ સુપ્રત કરવો, આઈઆઈટીઈના વિદ્યાર્થીઓ માટે 40 ટકા સુધીના ઓનલાઇન અભ્યાસને ક્રેડિટ ટ્રાન્સફરમાં સામેલ કરવી અને આઈઆઈટીઈમાં ફેકલ્ટી એક્સચેન્જ કાર્યક્રમ શરૂ કરવાના સંકલ્પોનો સમાવેશ થતો હતો.

ભારત સરકારે ઓગસ્ટમાં જ્યારે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 જાહેર કરી ત્યારે માન. કુલપતિશ્રીએ શિક્ષણ નીતિના સૂચનોના અમલીકરણ અને તેને ગુજરાતના ખૂણે ખૂણે પહોંચાડવાનો યજ્ઞ આરંભ્યો. દૂરદર્શનના અમદાવાદ કેંદ્ર સાથે સંકલનમાં આઈઆઈટીઈએ 'ઊઘડતી દિશાઓ' કાર્યક્રમનું આયોજન કર્યું. જેમાં રાજ્યના શિક્ષણ ક્ષેત્રના તજજ્ઞો તથા રાજ્યની યુનિવર્સિટીના કુલપતિશ્રીઓએ નવી શિક્ષણ નીતિના વિવિધ આયામોની ચર્ચા કરીને જન સામાન્ય માટે તેની સરળ સમજનો માર્ગ મોકળો કર્યો.

માન. કુલપતિશ્રીના માર્ગદર્શન હેઠળ આઈઆઈટીઈના પ્રાધ્યાપકોએ શિક્ષણ નીતિના દસ્તાવેજનો ગુજરાતી અનુવાદ કર્યો. જેનું શિક્ષક દિનના રોજ માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા, માન. શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, માન. શિક્ષણ રાજ્યમંત્રીશ્રી વિભાવરીબેન દવેની ઉપસ્થિતિમાં વિમોચન કરવામાં આવ્યું. એટલું જ નહીં, રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સૂચનોને આઈઆઈટીઈના બી.એડ્. અભ્યાસક્રમમાં

વર્ષ 2009ના એનસીએફટીઈના સૂચનો સહિત સામેલ કર્યાં. શિક્ષણ નીતિ જાહેર થયા બાદ તેના સૂચનોને કરિક્યુલમ ફ્રેમવર્કમાં સામેલ કરનારી આઈઆઈટીઈ કદાચ દેશની પ્રથમ યુનિવર્સિટી છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સૂચનોની શાળાકીય શિક્ષણ વ્યવસ્થામાં અમલીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા રચાયેલી ટાસ્ક ફોર્સમાં માન. કુલપતિશ્રીની નિયુક્તિ થઈ. માન. કુલપતિશ્રીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિના શાળકીય શિક્ષણ તથા શિક્ષક પ્રશિક્ષણમાં અમલીકરણ માટે સંલગ્ન સંસ્થાઓ સાથે સંવાદ હેતુથી 'પરામર્શન પાથેય' કાર્યક્રમ હેઠળ 15 દિવસમાં 6000 કિલોમીટરનો રાજ્યવ્યાપી પ્રવાસ કરીને લગભગ 1000 શિક્ષણવિદો, તજજ્ઞો, અધ્યાપકો, આચાર્યો સાથે પ્રત્યક્ષ પરામર્શન કર્યું.

આ તમામ શૈક્ષણિક, સામાજિક અને વહીવટી પ્રક્રિયાઓ વચ્ચે પણ યુનિવર્સિટીને વધુને વધુ લોકાભિમુખ બનાવવા,




વિદ્યાર્થીઓને શિક્ષણ માટેના નવા પ્રકલ્પોનું સતત નિર્માણ થતું રહ્યું છે. વિદ્યાર્થીઓ ઉપરાંત દેશ-વિદેશનાં શ્રોતાઓ સુધી શિક્ષક પ્રશિક્ષણ અને જીવન શિક્ષણના વિવિધ વિષયોની રજૂઆત કરતા ઇન્ટરનેટ રેડિયો સ્ટેશન 'ટીચર્સ ટ્યૂન' અને અધ્યાપન માટેની આઈઆઈટીઈ દ્વારા બાયસેગના સહયોગથી તૈયાર થયેલા ટીવી પ્લેટફોર્મ 'શિક્ષાર્થ'નો પ્રારંભ માન. કુલપતિશ્રીના માર્ગદર્શનમાં થયો.સમાજના અગ્રણી નાગરિકો પોતાના જીવન ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવનારા શિક્ષકોને યાદ કરે અને તેમના પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરીને સમાજમાં શિક્ષકના વ્યવસાયને એક ઊંચા દરજ્જા પર સ્થાપતિ કરવાનો સંદેશ આપે તેવી સોશિયલ મીડિયા ફિલ્મ્સની શ્રેણી 'હજુ યાદ છે' નું નિર્માણ કરવામાં આવ્યું.

આઈઆઈટીઈનો ત્રીજો પદવીદાન સમારંભ માન. રાજ્યપાલ અને કુલાધિપતિશ્રી આચાર્ય દેવવ્રતના પ્રેરક આશીર્વચન, માન. શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને માન. શિક્ષણ રાજ્યમંત્રીશ્રી વિભાવરીબેન દવે તથા રાજ્યમાં સૌ પ્રથમ વખત બાર યુનિવર્સિટીના કુલપતિશ્રીઓની ઉપસ્થિતિમાં યોજાયો.

વર્ષ 2021ના જાન્યુઆરીમાં આઈઆઈટીઈના સાંસ્કૃતિક મહોત્સવ 'કલાકુંજ', બીજી વાર્ષિક 'ટીચિંગ સ્કિલ કોમ્પિટિશન', ફેબ્રુઆરીમાં ભાષા અને સાહિત્યનો અનોખો મહોત્સવ 'ભાષામંજૂષા'ના આયોજન દ્વારા શિક્ષક તાલીમાર્થીઓને ક્લાસરૂમની બહાર પણ પ્રશિક્ષણના સાંસ્કૃતિક પાઠ મજાના મહોત્સવ રૂપે શીખવ્યા. માર્ચ 2021માં જ્યારે કુલપતિશ્રીએ પોતાના કાર્યકાળના બે વર્ષ પૂર્ણ કરી ત્રીજા વર્ષમાં પ્રવેશ કર્યો છે, ત્યારે પણ આઈઆઈટીઈ સંલગ્ન કૉલેજોનો યુનિવર્સિટી કક્ષાના નવમા ખેલ મહોત્સવનું ભવ્ય આયોજન અમદાવાદના કાંકરીયાના ટ્રાન્સસ્ટેડિયા સંકુલમાં કરવામાં આવ્યું.

એવું માનવું ભૂલભરેલું હશે આ બે વર્ષના કાર્યકાળમાં આઈઆઈટીઈના વ્યવસ્થાપન અને પ્રગતિમાં કોઈ પડકારો જ નહીં આવ્યા હોય. કોરોના જેમ અ-કુદરતી મહામારી છે, એમ આ બે વર્ષના કાર્યકાળમાં ઘણા વહીવટી પડકારો અને અવરોધો આવ્યા જ છે. પરંતુ માન. કુલપતિશ્રી સ્વાભાવિક રીતે કહેતા હોય છે કે, "હું ખેડૂત છું, મારું ખેતર આ શિક્ષક પ્રશિક્ષણનું ક્ષેત્ર છે."

ખેતી કરવી ક્યારેય સહેલી નથી રહી, એ અત્યંત કઠિન પરિશ્રમ અને અનુભવથી સમૃદ્ધ થયેલી કોઠાસૂઝના અસરકારક ઉપયોગ બાદ જ ઊપજ આપે છે. એટલે માન. કુલપતિશ્રીએ તમામ પડકારો અને અવરોધોને ખેડૂત બનીને ઉકેલ્યા છે અને ત્યારબાદ એક ખેડૂતની જેમ જ હૃદયની વિશાળતા સાથે કોઈ પણ રંજ કે રાગ, દ્વેષ રાખ્યા વિના યુનિવર્સિટીને વધુ એક ઊંચા મુકામ તરફ લઈ જવામાં કાર્યરત્ થઈ ગયા છે. એટલા માટે જ બે વર્ષના ટૂંકા ગાળામાં આઈઆઈટીઈ સમાજમાં એક પ્રગતિશીલ શિક્ષક પ્રશિક્ષણ યુનિવર્સિટી તરીકે પોતાનું સ્થાન બનાવી શકી છે. વિશિષ્ટ દૃષ્ટિકોણ, હકારાત્મક અભિગમ અને પારંપરિક મૂલ્યો સાથે આઈઆઈટીઈને પ્રગતિશીલ નેતૃત્વ અને માર્ગદર્શન આપી રહેલા માન. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલના વ્યક્તિત્વના પાયામાં 'કર્તવ્યનિષ્ઠા' છે, એ અવિચળ છે અને ઉત્કૃષ્ટતા તરફની તેમની સફર અવિરત છે.



# રમનારા સહુ જીતી ગયા

## આઈઆઈટીઈના નવમા ખેલ મહોત્સવનું 13 માર્ચના રોજ હર્ષોલ્લાસથી ઊર્જાસભર આયોજન થયું

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર ઍજ્યુકેશન - આઈઆઈટીઈ) ગાંધીનગર દ્વારા યુનિવર્સિટી કક્ષાનો નવમો ખેલ મહોત્સવ 13 માર્ચ, 2021ના રોજ યોજાયો. યુનિવર્સિટી સંલગ્ન 59 શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓમાંથી 34 સંસ્થાઓના કુલ મળીને 704 વિદ્યાર્થીઓ, અધ્યાપકોએ આ ખેલ મહોત્સવમાં ભાગ લીધો. આ મહોત્સવની વિશિષ્ટતા એ રહી કે ખૂબ જ ટૂંકા સમયગાળામાં કોરોના મહામારીના પડકારની વચ્ચે પણ તેનું આયોજન અત્યંત અસરકારક રીતે સફળતાપૂર્વક કરવામાં આવ્યું.

સામાન્ય રીતે જ્યારે પણ કોઈ યુનિવર્સિટીનો ખેલ મહોત્સવ હોય તો મોટું સંકુલ અને રમતગમતની યોગ્ય સુવિધાઓ ધરાવતી સંસ્થાના યજમાનપદે કે યુનિવર્સિટીના સંકુલમાં જ તેનું આયોજન થતું હોય છે. પરંતુ આ સંદર્ભમાં આઈઆઈટીઈનો નવમો ખેલ મહોત્સવ અલગ હતો. યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલની સંકલ્પના અને ખેલ મહોત્સવના આયોજનમાં સઘન માર્ગદર્શનને પરિણામે અમદાવાદના કાંકરિયા ખાતે આવેલા આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાઓ ધરાવતા રમતગમતના સંકુલ - ટ્રાન્સસ્ટેડિયામાં આ મહોત્સવ યોજાયો. કોઈ યુનિવર્સિટીના ખેલ મહોત્સવનું આયોજન આ પ્રકારની સુવિધાઓ ધરાવતા સંકુલમાં થયું હોય તેવી આ પ્રથમ ઘટના હતી.

યુનિવર્સિટી કક્ષાના આ ખેલ મહોત્સવના સંપૂર્ણ આયોજનની જવાબદારી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર (ડાયેટ, ગાંધીનગર) દ્વારા ઉપાડી લેવામાં આવી. વિવિધ રમતોની ટીમ તથા તેમના મેનેજર, કોચ, રેફરી સાથેની મીટીંગ, રમતોના નિયમો, રમત-ગમત અંગેની માહિતી, સમયાયોજન તથા સમગ્ર મેદાની વ્યવસ્થાઓનું આયોજન ડાયેટ ગાંધીનગરના પી.એસ.ટી.ઇ. શાખાના શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા દુર્ગાબેન રાઓલ, આઈઆઈટીઈના રમત-ગમત વિભાગના નિયામક ડૉ. મુકેશભાઇ પટેલ તથા ડાયેટ ગાંધીનગરના પ્રિન્સિપાલ આઈ. વી. પટેલના દ્વારા સુનિશ્ચિત કરવામાં આવ્યું.

સમગ્ર વ્યવસ્થાના સુયોગ્ય આયોજન બાદ આઈઆઈટીઈનો નવમો ખેલ મહોત્સવ 13 માર્ચના રોજ સવારે 9:30 કલાકે રાષ્ટ્રગાન સાથે શરૂ થયો. માન. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ મહોત્સવના ઉદ્‌ઘાટન સત્રના મુખ્ય મહેમાન હતા, ઉદ્યોગપતિ અને ક્રીડાભારતીના ગુજરાત પ્રાંતના અધ્યક્ષ માન. શ્રી વિવેકભાઈ પટેલ. આ ઉપરાંત જીસીઈઆરટી, ગાંધીનગરના નિયામક ડૉ. ટી. એસ. જોશી, આઈઆઈટીઈના રજિસ્ટ્રાર ડૉ. હિમાંશુ પટેલ, ગાંધીનગર ડાયેટના પ્રાચાર્ય ડૉ. આઈ. વી. પટેલ, આઈઆઈટીઈના ડીન ડૉ. કલ્પેશ પાઠક તથા રમતગમત વિભાગના નિયામક , આઈઆઈટીઈ ડૉ. મુકેશભાઇ પટેલ ઉદ્‌ઘાટન સત્રમાં ઉપસ્થિત હતા.

બેન્ડના તાલ સાથે વિવિધ જિલ્લામાંથી રમતોની વિવિધ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ રમતવીરો દ્વારા માર્ચ પાસ્ટ કરવામાં આવી જેનું મંચ પર ઉપસ્થિત મહાનુભાવોએ અભિવાદન કર્યું. માર્ચ પાસ્ટ બાદ આઈઆઈટીઈ ગાંધીનગરના ત્રણ તથા ડાયેટ ગાંધીનગરના બે એમ કુલ પાંચ તાલીમાર્થીઓ દ્વારા આતશ જ્યોતનું આગમન કરવામાં આવ્યું. "આતશ જ્યોત જલતી રહે" તથા "વ્યાયામ વીર અમર રહો" ના સૂત્રોથી સમગ્ર સ્ટેડિયમ ગૂંજી ઊઠ્યું. તમામ કોલેજોમાંથી પધારેલ ટીમના ધ્વજ કેપ્ટનો દ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવી. રાજ્યના ખૂણે ખૂણેથી ખેલ મહોત્સવમાં ભાગ લેવા આવેલા શિક્ષક તાલીમાર્થીઓમાં ખેલાડીઓની ખેલદીલી, શિક્ષકોની શિસ્તથી સમગ્ર વાતાવરણમાં અનેરી ઊર્જા અને ઉત્સાહનો સંચાર થયો.
















FEST

























2




2
1
3













Indian Institute Of Teacher Education,













ઉદ્‌ઘાટન સત્રમાં સહુને ઉત્સાહિત કરતા જીસીઈઆરટીના નિયામક ડૉ. ટી. એસ. જોશીએ જણાવ્યું કે, “રમતવીર તરીકે સૌ રમવા માટે રમીશું. એક એક અનુભવ એ શિક્ષણનો અનુભવ છે, શિક્ષણ છે. મેદાન સાથે અને રમત સાથે બીજા વિષયો ગણિત,વિજ્ઞાન,ઇતિહાસ કઈ રીતે જોડી શકાય તે વિચારવાનું અને શીખવાનું છે.” તેમણે રાષ્ટ્રિય શિક્ષણનીતિ-2020 માં રમતગમત સંકલિત શિક્ષણ પર મૂકવામાં આવેલા ભાર વિશે વાત કરતા જણાવ્યું કે, “આ ખેલ મહોત્સવ આપણને સૌને શ્રેષ્ઠ અનુભવ આપશે એ વાત નક્કી છે.” ડૉ. જોશીએ જીત અને હારના પરિણામ કરતાં રમતનો આનંદ લેવાની પ્રેરણા આપતું સૂત્ર સહુ રમતવીરોને આપતાં કહ્યું, “જીતી ગયા ભાઈ જીતી ગયા, રમનારા સૌ જીતી ગયા.”

ઉદ્‌ઘાટન સમારંભના મુખ્ય મહેમાન શ્રી વિવેકભાઈ પટેલે ખેલ મહોત્સવના આયોજનમાં માન. કુલપતિશ્રીની શ્રેષ્ઠતા અને ભવ્યતા માટેના આગ્રહને બિરદાવ્યો. તેમણે કહ્યું કે, “આટલું ભવ્ય આયોજન કરવા બદલ આયોજકોને અભિનંદન આપું છું. હર્ષદભાઈએ કહ્યું હતું કે, આ પ્રકારનું આયોજન પહેલી વાર કર્યું છે, અને હર્ષદભાઈ જ્યારે આયોજન કરે ત્યારે એ આયોજન મોટું જ હોય કારણ કે એ નાના આયોજનમાં માનતા નથી. એટલે આ ખૂબ જ સુંદર રીતે આયોજન થયું છે.”

તેમણે ખેલ મહોત્સવના સહભાગીઓને સંબોધતા કહ્યું, “આમ તો શિક્ષકો ક્લાસરૂમમાં જોવા મળે છે, પરંતુ આજે સ્પોર્ટ્સના મેદાન પર જોવા મળ્યાં છે, તે ખૂબ આનંદની વાત છે. શિક્ષકોનું કામ માત્ર ક્લાસરૂમમાં વિદ્યાર્થીઓને ભણાવવા પૂરતું જ સિમિત નથી. એમને રમતના મેદાન પર લાવવાનું કામ પણ તમારું જ છે. નવી શિક્ષણ નીતિમાં પણ કહેવામાં આવ્યું છે કે, ક્લાસરૂમમાં બ્લૅક બૉર્ડ વિના પણ કેવી રીતે ભણાવવું. રમતના મેદાનમાં કેવી રીતે ભણાવવું. વિદ્યાર્થીઓને રમતના મેદાનમાં લઈ જઈને કેવી રીતે ગણિત શીખવાડવું. વિદ્યાર્થીઓ જ્યારે મેદાન પર આવશે ત્યારે તેમના વિચારો, એમની ક્ષમતા બધું જ ખીલી ઊઠશે.”

તેમણે વધુમાં જણાવ્યું કે, “અમારા સંગઠન ક્રીડાભારતીનું પણ આ જ કામ છે કે સમાજના બધા વર્ગોને રમતના મેદાન પર લઈ આવવાં, જેમાં બાળકો હોય, મહિલાઓ હોય, વૃદ્ધો હોય. વર્તમાન સમયમાં સહુ કોઈ બેઠાડું જીવન જીવી રહ્યા છે. સ્પોર્ટ્સ રમનારા ઓછાં થયા છે, વિડિયોગેમ રમનારા વધી ગયા છે. તો આ બધા જ લોકોને બહાર રમતના મેદાન પર લાવવા અને રમતગમતમાં તેમની રૂચિ વિકસાવવી એ આપ સહુનું કામ છે. આપણે ઓલિમ્પિક્સમાં જઈએ છીએ ત્યારે માત્ર જીતવા હારવા માટે નથી જતા. ત્યાં આપણે આપણા રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠા પુરવાર કરવા જઈએ છીએ. કોઈ પણ રમત આપણને ભણતર સિવાય પણ ઘણું બધુ આપી શકે છે.”







માન. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે ટૂંકા સમયગાળામાં જ કાર્યાન્વિત કરેલા આ ખેલ મહોત્સવ વિશે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, "છઠ્ઠી માર્ચના રોજ વિચાર આવ્યો કે સામાન્ય રીતે ગૂજરાત વિદ્યાપીઠના સાદરા ખાતેના સંકુલમાં થતા આ ખેલ મહોત્સવનું આયોજન આ વર્ષે અમદાવાદના ટ્રાન્સસ્ટેડિયામાં કરીએ. સાતમી તારીખે જરૂરી તૈયારીઓ કરીને નિર્ણય લીધો કે આપણે ટ્રાન્સસ્ટેડિયામાં જ ખેલ મહોત્સવ કરીએ. આ ખેલ મહોત્સવ અહીં કરવાનો ઉદ્દેશ્ય એ છે કે, તમે સહુ ભાવી શિક્ષકો છો. ગુજરાતની અને દેશની વિવિધ સરકારી અને કોન્વેન્ટ સહિતની સ્કૂલોમાં તમે શિક્ષક તરીકે જવાના છો. ભવિષ્યમાં તમે તમારી સ્કૂલમાં અથવા પોલિસી મેકર તરીકે કે સ્કૂલના એડમિનિસ્ટ્રેટર તરીકે રમતગમતનું આયોજન કરો ત્યારે તમને જુદા જુદા પ્રકારનું જે એક્સ્પોઝર મળ્યું હોય, તે તેમાં તરત જ પ્રતિબિંબીત થાય."


તેમણે ઉમેર્યું કે, "આપણે અધ્યયન શીખવાડતા હોઈએ છીએ. ટ્રાન્સફર ઓફ લર્નિંગ એક થીયરી તરીકે શીખવતા હોઈએ છીએ, પરંતુ તે સાહજિક રીતે કેવી રીતે અમલમાં આવે છે, તે આ પ્રકારની પ્રવૃત્તિઓથી આપણે સમજી શકીએ છીએ. તમે સહુ અહીં આવ્યા છો એટલે આ પ્રકારના મેદાનમાં કેવી રીતે રમત રમી શકાય, સ્પેસ મેનેજમેન્ટ કેવી રીતે થઈ શકે, સમાંતર કેટલી ઇવેન્ટ્સનું આયોજન થઈ શકે, આવી તમામ બાબતો તમને શીખવા મળશે."

કુલપતિશ્રીએ એક ઉમદા વિચાર વ્યક્ત કરતા જણાવ્યું, "આ વર્ષનું આયોજન ગત વર્ષ કરતાં અલગ છે અને એવી જ રીતે આવતા વર્ષે એવું બની શકે કે આપણે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને સરદાર પટેલ સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સમાં આ કાર્યક્રમ કરીએ." આ વિચારને સમારંભમાં ઉપસ્થિત સહુ ખેલાડીઓ અને સહભાગીઓએ તાલીઓથી ઉત્સાહભેર વધાવી લીધો હતો.

ખેલ મહોત્સવને ઔપચારિક રીતે ખુલ્લો મૂકાયાની જાહેરાત થયા બાદ તેમાં ભાગ લેનારી તમામ ટીમોના ધ્વજારોહક કેપ્ટન સાથે મહેમાનશ્રીઓની ઓળખવિધિ કરવામાં આવી. ઓળખ પરેડ બાદ સૌ રમતવીરો, ટીમ મેનેજર, કોચ, રેફરી વિવિધ મેદાન તરફ પોતાનું કૌવત પ્રદર્શિત કરવા માટે વળ્યા.

સમગ્ર દિવસ દરમિયાન ખો-ખો, વૉલીબૉલ , ચેસ, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, રાઇફલ શૂટિંગ, પિસ્ટલ શૂટિંગ, જેવેલિન થ્રો, શોટ પુટ, ડિસ્કસ થ્રો, લોંગ જમ્પ, હાઈ જમ્પ, વિવિધ અંતરની દોડ જેવી રમતોનું આયોજન થયું. મોડી સાંજે આઈઆઈટીઈના સેન્ટર ઓફ એજ્યુકેશન અને ડાયેટ ગાંધીનગરની ભાઈઓની ટીમ વચ્ચેની વૉલીબૉલ ની ફાઇનલ મેચના સમાપન બાદ ઇનામ વિતરણ કાર્યક્રમ સાથે સમગ્ર ખેલ મહોત્સવ પૂર્ણ થયો. આ ખેલ મહોત્સવમાં કાર્યક્રમોની શરૂઆત માટે પૂર્વ પ્રક્રિયાઓનું સંચાલન શ્રી મહાશંકરભાઈ પંડયા, તથા સભા સંચાલનની કામગીરી ડાયેટ ગાંધીનગરના વ્યાખ્યાતા રીસર્ચ એસોસીએટ ડૉ. ભાવેશ ઠક્કરે કરી હતી.






# હવાના સ્પર્શ અને સંઘર્ષથી રચાતા ગુજરાતીનાં ધ્વનિ તરંગો

**-ડો. અર્ચના પટેલ,**
આસિ. પ્રોફેસર, આઈઆઈટીઈ

ગયા અંકમાં આપણે નાદતંત્રીઓ વિશે માહિતી મેળવી હતી. આ લેખમાં હવે આપણે ફેફસામાંથી બહાર આવતી હવા મુખપથમાં ક્યાં ક્યાં અવરોધાય છે અને તેને કારણે કેવા જુદા જુદા ધ્વનિ ઉત્પન્ન થાય છે, તે વિશે માહિતી મેળવીશું. સૌપ્રથમ સ્પર્શધ્વનિ વિશે જાણીએ. સ્પર્શધ્વનિ કોને કહેવાય? શબ્દ પરથી જ સમજ પડે છે કે સ્પર્શધ્વનિ એટલે વાગ્અવયવો - સ્થાન અને પ્રયત્ન - એકબીજાને સંપૂર્ણપણે કે આંશિક રીતે સ્પર્શે, હવા થોડી ક્ષણ માટે અવરોધ થાય અને પછી એક ધક્કા સાથે બહાર નીકળે ત્યારે જે ધ્વનિનું ઉચ્ચારણ થાય છે, તેને સ્પર્શધ્વનિ તરીકે ઓળખવામાં આવે છે.

આપણે ગુજરાતી ભાષાના સ્પર્શધ્વનિ વિશે જોઈશું. જીભનો પૃષ્ઠ ભાગ એટલે કે પાછળનો ભાગ ગળામાં આંશિક કે સંપૂર્ણ રીતે સ્પર્શે હવા થોડી ક્ષણ માટે અવરોધાય અને પછી એક ધક્કા સાથે હવા બહાર આવે ત્યારે જે ધ્વનિ ઉચ્ચારાય, તેને કંઠ્ય સ્પર્શ ધ્વનિ કહેવામાં આવે છે. ગુજરાતી ભાષામાં ક્, ખ્, ગ્, ઘ્, ઙ્ એ કંઠ્ય સ્પર્શ ધ્વનિઓ છે. એ જ રીતે જીભનો મધ્યભાગ પોચાતાળવાને આંશિક રીતે અથવા સંપૂર્ણ રીતે સ્પર્શે, હવા થોડી ક્ષણ માટે અવરોધાય અને પછી એક ધક્કા સાથે બહાર આવે ત્યારે જે ધ્વનિ ઉચ્ચારાય તે તાલવ્ય સ્પર્શધ્વનિ કહેવાય. ગુજરાતી ભાષામાં ચ્, છ્, જ્, ઝ્, ઞ્ એ તાલવ્ય સ્પર્શ ધ્વનિઓ છે. જીભનો આગળનો ભાગ દાંતની પાછળના કઠણ ભાગને આંશિક રીતે અથવા સંપૂર્ણ રીતે સ્પર્શે, હવા થોડી ક્ષણ માટે અવરોધાય અને પછી એક ધક્કા સાથે હવા બહાર આવે ત્યારે જે ધ્વનિ ઉચ્ચારાય તે મૂર્ધન્ય સ્પર્શધ્વનિ કહેવાય. ગુજરાતી ભાષામાં ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્ એ મૂર્ધન્ય સ્પર્શધ્વનિઓ છે.

એવી રીતે જીભ નો આગળ નો ભાગ અથવા તો જીભનું ટેરવું એ દાંતને આંશિક રીતે અથવા સંપૂર્ણ રીતે સ્પર્શે, હવા થોડી ક્ષણ માટે અવરોધાય અને પછી એક ધક્કા સાથે હવા બહાર આવે ત્યારે જે ધ્વનિ ઉચ્ચારાય તે દંત્ય સ્પર્શ ધ્વનિ કહેવાય. ગુજરાતી ભાષામાં ત્, થ્, દ્, ધ્, ન્ એ દંત્ય સ્પર્શધ્વનિઓ છે. જ્યારે બે હોઠ એકબીજાને આંશિક રીતે સ્પર્શે કે સંપૂર્ણ રીતે સ્પર્શે, હવા થોડી ક્ષણ માટે અવરોધાય અને પછી એક ધક્કા સાથે બહાર આવે ત્યારે જે ધ્વનિ ઉચ્ચારાય તેને ઓષ્ઠ્ય સ્પર્શધ્વનિ તરીકે ઓળખાય. ગુજરાતી ભાષામાં પ્, ફ્, બ્, ભ્, મ્ ઓષ્ઠ્ય સ્પર્શધ્વનિઓ છે. આ ધ્વનિઓમાં પણ અઘોષ - ઘોષ, અલ્પપ્રાણ - મહાપ્રાણ વિશેની માહિતી અહીં આપેલા કોઠા પરથી સમજ પડશે.

આપણે સ્પર્શધ્વનિઓ વિશે માહિતી મેળવી હવે આપણે સંઘર્ષધ્વનિઓ વિશે જાણીએ. સંઘર્ષીધ્વનિ, જે ધ્વનિનાં ઉચ્ચારણમાં મુખપથમાંથી બહાર નીકળતી હવાને સંઘર્ષ કરવો પડે તે સંઘર્ષીધ્વનિ. સંઘર્ષીધ્વનિના ઉચ્ચારણ વખતે

| પ્રયત્ન ⟶ | અઘોષ | | ઘોષ | | |
|---|---|---|---|---|---|
| સ્થાન ↓ | અલ્પપ્રાણ | મહાપ્રાણ | અલ્પપ્રાણ | મહાપ્રાણ | અનુનાસિકો |
| કંઠ્ય | ક્ | ખ્ | ગ્ | ઘ્ | ઙ્ |
| તાલવ્ય | ચ્ | છ્ | જ્ | ઝ્ | ઞ્ |
| મૂર્ધન્ય | ટ્ | ઠ્ | ડ્ | ઢ્ | ણ્ |
| દંત્ય | ત્ | થ્ | દ્ | ધ્ | ન્ |
| ઓષ્ઠ્ય | પ્ | ફ્ | બ્ | ભ્ | મ્ |

હવાને મુખપથમાંથી ઘસાઈને બહાર આવવું પડે છે. ગુજરાતી ભાષામાં સ્, ષ્, શ્, હ્ એ સંઘર્ષીધ્વનિઓ છે. સ્ ના ઉચ્ચારણ વખતે જીભની બન્ને બાજુનો ભાગ ઉપરના દાંતને અડકે છે, વચ્ચે એક નીક જેવું પોલાણ રચાય છે અને હવા ઘસારા સાથે દાંતને અથડાઈને બહાર આવે છે. આ વખતે 'સ' નું ઉચ્ચારણ થાય છે. એટલે સ્ એ દંત્ય સંઘર્ષીધ્વનિ છે. જ્યારે દાંતના મૂળ પાસેથી હવા ઘસાઈને બહાર આવે ત્યારે મૂર્ધન્ય સંઘર્ષીધ્વનિ 'ષ્' નું ઉચ્ચારણ થાય છે. એ પ્રકારે તાળવા પાસેથી હવા ઘસાઈને બહાર આવે ત્યારે તાલવ્ય સંઘર્ષીધ્વનિ 'શ' નું ઉચ્ચારણ થાય છે. અને એ જ પ્રકારે કંઠમાંથી હવા ઘસાઈને બહાર આવે ત્યારે કંઠ્ય સંઘર્ષીધ્વનિ 'હ્' નું ઉચ્ચારણ થાય છે.

આપણે ગુજરતી ભાષાના મોટાભાગના ધ્વનિઓના ઉચ્ચારણ વિશે જાણ્યું. હવે પ્રકંપી, પાર્શ્વિક અને થડકારવાળા ધ્વનિ વિશે જાણીએ. પ્રકંપી ધ્વનિ એટલે જેના ઉચ્ચારણ વખતે જીભનો આગળનો ભાગ મુખપથમાં ઊંચો થાય અને તે કંપે ત્યારે જે ધ્વનિ ઉચ્ચારાય તેને પ્રકંપીધ્વનિ કહેવાય. ગુજરાતી ભાષામાં 'ર્' એ પ્રકંપીધ્વનિ છે. પાર્શ્વિકધ્વનિના ઉચ્ચારણ વખતે જીભનો અગ્રભાગ દાંત અને તેની નીચેના કઠણભાગને સ્પર્શે હવા જીભની બન્ને બાજુથી બહાર આવે છે. ગુજરાતી ભાષામાં 'લ્' એ પાર્શ્વિકધ્વનિ છે. થડકારવાળા ધ્વનિના ઉચ્ચારણ વખતે જીભનો આગળનો ભાગ મુખપથમાં ઊંચો થાય અને પછી એક થડકા સાથે નીચે પડે છે. ગુજરાતી ભાષામાં 'ળ્' એ થડકારવાળો ધ્વનિ છે.

આ સિવાય 'ય્' અને 'વ્' એ અર્ધસ્વર છે. અર્ધસ્વર એટલા માટે કે તેનું ઉચ્ચારણ સંપૂર્ણપણે વ્યંજનની કોટિનું નથી અને સંપૂર્ણપણે સ્વરની કોટિનું પણ નથી એટલે 'ય્' અને 'વ્' એ અર્ધસ્વર કહેવાય છે. આ સિવાય આપણી વર્ણમાળામાં 'ક્ષ' અને 'જ્ઞ' એ બે વર્ણો જોવા મળે છે. આ બંને વર્ણો જોડાક્ષર છે એટલે તેના ઉચ્ચારણની વાત અહીં નહીં કરીએ. આ જોયું આપણે ગુજરાતી ભાષાનાં વ્યંજનોનું ઉચ્ચારણ. અહીં એ વાત નોંધવી જોઈએ કે ગુજરાતી ભાષામાં પાંચ અનુનાસિક વ્યંજનો છે જેના ઉચ્ચારણ વખતે હવા નાક અને મુખપથ બંનેમાંથી બહાર નીકળતી હોય છે.

હવે સ્વરના ઉચ્ચારણ વિશે જોઈએ. સ્વરના ઉચ્ચારણમાં વાગ્અવયવો વ્યંજનના ઉચ્ચારણની જેમ એકબીજાને સંપૂર્ણ રીતે કે આંશિક રીતે સ્પર્શતા નથી. હવાને ઘસાઈને બહાર આવવું પડતું નથી પણ મુખપથમાં એક પોલાણ રહે છે અથવા તો એક મોટી જગ્યા રહે છે કે જેમાંથી હવા સરળતાથી બહાર નીકળી શકે છે. આ રીતે સ્વરનું ઉચ્ચારણ થાય છે. એટલે કે સ્વરના ઉચ્ચારણમાં સંઘર્ષ કે ઘર્ષણ અનુભવાતું નથી અને એટલે જ એ શ્રાવ્યતાની પરાકાષ્ઠાએ પહોંચે છે. ગુજરાતી ભાષામાં સ્વરના ઉચ્ચારણને સમજવા માટે આપણે જીભના નવ ભાગ કલ્પીએ છીએ. જે તમને ઉપરની આકૃતિમાં જોવા મળશે.

જીભનો અગ્રભાગ મુખપથમાં ઉચ્ચસ્થાને જાય, ત્યારે 'ઈ'નું ઉચ્ચારણ થાય છે. જીભનો અગ્રભાગ મુખપથમાં મધ્યસ્થાને રહે ત્યારે 'એ' નું ઉચ્ચારણ થાય છે અને જીભનો અગ્રભાગ મુખપથમાં નિમ્ન સ્થાને જાય ત્યારે 'ઍ' નું ઉચ્ચારણ થાય છે. જે રીતે જીભનો મધ્યભાગ ઉચ્ચ સ્થાને જાય અને કંઈક ઉચ્ચારણ થાય તે સ્વર ગુજરાતી ભાષામાં નથી પણ જીભનો મધ્યભાગ એ મધ્ય કક્ષાએ રહે અને જે ઉચ્ચારણ થાય તે 'અ' નું ઉચ્ચારણ છે. તે જ રીતે જીભનો મધ્યભાગ નિમ્નકક્ષાએ જાય અને જે ઉચ્ચારણ થાય તે 'આ' નું ઉચ્ચારણ છે. તે જ રીતે જીભનો પૃષ્ઠ ભાગ મુખપથમાં ઉપરની તરફ ઊઠે અને જે ઉચ્ચારણ થાય તે 'ઉ' છે. જીભનો પૃષ્ઠ ભાગ મધ્ય સ્થાને રહે અને જે ઉચ્ચારણ થાય તે 'ઓ' છે અને જીભનો પૃષ્ઠ ભાગ નિમ્ન સ્થાને રહે અને જે ઉચ્ચારણ થાય તે 'ઑ' છે. આ રીતે ગુજરાતી ભાષાના સ્વરોનું ઉચ્ચારણ થાય છે.

તો આ થઈ ગુજરાતી ભાષાના સ્વર અને વ્યંજનના ઉચ્ચારણની બહુ ટૂંકમાં સમજૂતી. પણ આ સમજૂતી પરથી તમે સમજ કેળવી શકશો કે સ્વર અને વ્યંજનના ઉચ્ચારણ કેવી રીતે થાય છે અને તેને આધારે તમે કેટલાંક સંદર્ભ પુસ્તકો વાંચીને પણ તમારી આ સંકલ્પનાને વધારે સારી રીતે અને ઊંડાણથી સમજી શકશો.






**- ખેવના જોષી**
**વિદ્યાર્થિની, બી.એ.-બી.એડ. સેમેસ્ટર 4, સેન્ટર ઓફ એજ્યુકેશન**

# "બેરે કેપ માથે મૂકતા જ ઝણઝણાટી આવી ગઈ"

## NCCના CATC - Combined Annual Training Camp માં ભાગ લેનારી કેડેટના અનુભવોની ઝલક

મારો NCC નો CATC - Combined Annual Training Camp નો અનુભવ ખાસ અને યાદગાર રહ્યો. કેમ્પની તારીખ તો ખૂબ વહેલી આવી ગઈ હતી, પણ લગભગ 1 મહિનો મુલતવી રહ્યા બાદ છેલ્લે 11 થી 13 માર્ચનો સમય નિશ્ચિત થયો. યુનિફોર્મ આવી ગયો હતો. સિનિયર દીદીઓએ કેમ્પના 2 દિવસ પહેલાં યુનિફોર્મ પહેરીને રિપોર્ટ કરવા કહ્યું હતું. હું પ્રથમ વખત યુનિફોર્મ પહેરી રહી હતી અને છેલ્લે બેરે કેપ માથે મૂકતાં જ ઝણઝણાટી આવી ગઈ. આંખ સહેજ પલળી પણ ખરી, છતાં કહેવાઈએ તો કેડેટ, એટલે કોઈને ખબર ન પડે એમ મલકાઈ લીધું. મારી બંને રૂમમેટ પણ મને જોઈને મારા જેટલો જ આનંદ અનુભવી રહી હતી. સિનિયર દીદીઓએ અમને વ્યવસ્થિત યુનિફોર્મ પહેરતાં અને માથામાં 'ફિગર ઓફ એઇટ' પદ્ધતિથી વાળ ઓળતાં શીખવ્યું. મારા વાળ ટૂંકા હતાં છતાં મારી સહપાઠી કીર્તિએ એની આવડતથી ત્રણેય દિવસ મારા વાળ ઓળી આપ્યા.

કેમ્પની પહેલી સવાર. કદી નહીં ને એ દિવસે હું એલાર્મ પહેલાં જ જાગી ગઈ. ફટાફટ તૈયાર થઈને કીર્તિના રૂમમાં ગઈ. પહેલી જ સવારે અમે બધાં 5 મિનિટ મોડાં પહોંચ્યા. આ કેમ્પમાં મને અને પ્રજ્ઞાનને સિનિયર બનાવ્યાં હતા એટલે ઠપકો પણ અમને જ મળ્યો. ત્યાંથી મેઘા મેમ અને રણજીત બાપુ અમને કેમ્પ ડેસ્ટિનેશન લઈ ગયા. ત્યાંનું વાતાવરણ જ જોશ અપાવે એવું હતું. IITE ની કેડેટ્સ બધાંથી અલગ અને યોગ્ય શિસ્તમાં દેખાતી હતી. સિનિયર દીદીઓ દ્વારા આપવામાં આવેલી દરેક સૂચનાઓ મારા મગજમાં અને આચરણમાં હતી. ત્યાં મોન્ડલ સર આવ્યા. એમણે બધા નિયમો સમજાવ્યાં. અમારું રોજનું શિડયુલ સમજાવ્યું. ફોલ ઇન-નાસ્તો-ડ્રિલ-રિફ્રેશમેન્ટ-લેક્ચર-લંચ-લેક્ચર-રિફ્રેશમેન્ટ-ફોલ આઉટ.

ડ્રિલની શરૂઆત થઈ અને ત્યારે જ અમને ખૂબ જ ગર્વનો અનુભવ થયો. ડ્રિલ શીખવવા આવેલા રામ નિવાસ સરે આખા સેક્શન સામે આપણી કોલેજ IITEની સિનિયર્સના વખાણ કર્યાં. "કેટલી અદભુત કેડેટ્સ આવે છે IITE માંથી તો!" "તમારે બધાએ નામ રાખવાનું છે" વિશાખા, કાવ્યા, પૂજા, ઇતિકા, પ્રાચી - બધાંનો નામજોગ ઉલ્લેખ કર્યો અને અમને પ્રેરણા આપી. સાચે જ અમારો આત્મવિશ્વાસ આકાશે પહોંચી ગયો અને જવાબદારીનું પણ ભાન થયું. પછી અમારાં બધાંનો કોરોના ટેસ્ટ થયો અને બીજી કોલેજનાં 5 કેડેટ પોઝિટિવ આવતાં પેટમાં ફાળ પડી. પણ અમે ટકી રહ્યા. જાતે જ વધારે કાળજી લેવાનું શરૂ કરી દીધું. બધા વિષયો ભણીને સાંજે પાછા આવ્યા. થાક તો અનહદ હતો, એનાથી પણ વધારે આનંદ અને ઉત્સાહ હતો. વધુમાં NCC Song ન આવડવાને કારણે બધાંને એ ગીત પાંચ વખત લખવાની સજા મળી હતી..

બીજા દિવસે મોડાં ન પડીએ એટલે સવારે 4 વાગ્યે જ જાગી ગઈ અને બધાંને તૈયાર કરીને અમે સ્થળે પહોંચ્યાં. બીજા દિવસે વ્યવસ્થિત ડ્રિલ કરી અને ભણ્યાં પણ એટલું જ સારી રીતે મને લાગતું હતું કે સેનાના અધિકારીઓ કડક સ્વભાવનાં હશે પણ મારાં સેક્શનને મળેલા નવાંગ સર તો મને ખૂબ જ માયાળુ લાગ્યા. એમણે ખૂબ જ સારી રીતે ભણાવ્યું. આ જ રીતે 3 દિવસ ભણીને અમે B certificate માટે તૈયાર થયાં.

અહીં એક વાત મારે અવશ્ય નોંધવી છે કે ત્યાં અમારા સિનિયર દીદીઓ દ્વારા યુનિવર્સિટીની જે છાપ બનાવવામાં આવી છે એ સાચે જ વંદનીય છે. અમારી સાથે થયેલા શ્રેષ્ઠ વર્તન, મળેલી પ્રાયોરિટીઝ અને પ્રશંસા પાછળનું એકમાત્ર કારણ અમારાં સિનિયર દીદીઓનો અને સ્વર્ણભારતી મૅમનો પરિશ્રમ છે. છેલ્લા દિવસે અમને અમારી એકતાનું અને કુશળ નેતૃત્વનું ભાન થયું. યમબહાદુર સર અમને SLR ખોલતાં શીખવતાં હતા, એમાં અમારે જમવામાં મોડું થઈ ગયું.

અહીં ભોજન ખૂબ સારું હતું, અમારે અમારા વાસણ જાતે જ ધોવાનાં એવો નિયમ હતો. જમવા ગયા તો થાળીઓ પૂરી થઈ ગઈ હતી. ત્યાંથી કહેવામાં આવ્યું કે જે લોકો જમી રહે છે એમની થાળી લઈ લો. રોજ એકસાથે જમતા હોવાને કારણે મારી કેડેટ્સને એ અતડું લાગ્યું. પછી વચ્ચેનો રસ્તો કાઢીને અમે સૌએ પોતપોતાનાં લન્ચબોક્સ કાઢ્યાં અને સૌનું જમવાનું ભેગું જ લઈ લીધું. ત્યાં પીરસનારી છોકરીઓ પણ અમારી જેમ કેડેટ જ હતી, અમારી એકતા જોઈને તેઓ પણ અચંબામાં આવી ગઈ. આ કેમ્પમાં રહીને મારા નેતૃત્વનો ગુણ મારા DMSની જેમ પોલિશ થઈ ગયો. અને માત્ર 3 જ દિવસમાં ખૂબ બધું શીખવા મળ્યું. મારા જીવનની યાદગાર ક્ષણોમાં આ કેમ્પની યાદો હંમેશાં ટોચ પર રહેશે.







# National Cadet Corps - A Leader in making!

**[Experience of NCC -CATC CAMP, 11th March 2021 to 13th March 2021]**

**Cdt. Pragyan Sandilya.**
(B.Sc. B.Ed. Sem-4 (Botany))

Coming from a defence background I always wanted to live a life similar to it. And that's why I joined NCC to get the same milieu. In addition, in NCC we get the opportunity to attend different types of camps where we learn many things related to our role in our surroundings.

Since I am an army wing cadet, in my first camp Combined Annual Training Camp (CATC), firstly, I learnt how to wear a uniform in which I would like to thank my seniors who helped us in knowing --- how many buttons should be shown outside, to how to fix the Barret on head, etc. In turn it helped me in developing my personality.

Secondly after reaching there I learnt discipline, how to be on time. I was selected as the senior for my battalion and being selected thus, it was my responsibility to be present with my battalion on the parade ground at the exact time that was given to us. Since we were given time of 7:30 am in the morning for falling in, so we used to wake up by 5 am to get ready on time and in this way, we enhanced our personality and life style through discipline.

After that, in camp, we were given a time slot in which we have to eat and be present for the next class as per schedule. In this I learnt the importance of time and its in life. We attended many classes related to WEAPON TRAINING, MAP READING, FIELD CRAFT/ BATTLE CRAFT etc.

IN WEAPON TRAINING Class I learnt how to take firing positions and how to fire. Holding a rifle is very technical in itself and when you are knowing every part of it you feel more confident and daring. And that is what NCC does - it makes us more confident and daring, so that we look different from others and always ready to help in any situation.

Also, we had a nice talk with many other cadets coming from different backgrounds and, different fields of education and their reasons for joining NCC. Even if we all were different but that uniform, we wore made us all equal. We played our role in unity and with discipline which is the motto of NCC.

At last, I want to conclude, being in NCC and putting on the uniform is prestigious in itself, but when you learn something from it you get more satisfaction and sense of achievement. A big thank you to PI STAFF & our teachers for clearing our doubts and for treating us well. Beside NCC subjects and drill classes, I was given the responsibility of writing names on certificates, which was very satisfying. I am looking forward to contributing more to society as an NCC cadet. A leader in making.

JAI HIND.




# "સમયને ધ્યાનમાં રાખી સતત પરિવર્તનશીલ રહીએ તો પ્રગતિ કરી શકીએ"

## IQAC દ્વારા 16 માર્ચના રોજ યોજાયેલા NAAC Seminar માં માન. કુલપતિશ્રીનું માર્ગદર્શન

પરિવારના સૌ સદસ્યો નૅક એક્રેડિટેશ માટેના આ પ્રકારના સંવાદથી આપણું મુખ્ય કામ આગળ વધવાનું છે. આપણું લક્ષ્ય શું છે એ પહેલેથી નિર્ધારિત હોય તો આપણને એને પાર પાડવામાં ખૂબ સરળતા રહે. ઘણી વખત રંગોળીની ડિઝાઇન સરખી હોય છે, પરંતુ લોકો તેમાં જુદી જુદી રીતે રંગ પૂરે છે. એટલે દરેક રંગોળીનો નિખાર જુદી જુદી રીતે આવે છે. નૅક એક્રેડિટેશનના સાત ક્રાઇટેરિયા બધી જ યુનિવર્સિટી માટે સમાન છે. પરંતુ બધી યુનિવર્સિટીની પ્રવૃત્તિઓ અથવા એને કેવી રીતે પૂર્ણ કરવામાં આવે છે એને આધારિત એ યુનિવર્સિટી કયા ક્ષેત્રમાં ખૂબ સારું કરી રહી છે અને કયા ક્ષેત્રમાં વધારે કામ કરવાની જરૂર છે એનું ધ્યાન આવે છે. આપણે જ્યારે આ સાત ક્રાઇટેરિયા જોઈશું, ત્યારે આપણે આપણી આત્મખોજ કરીશું, કે આપણે ક્યાં ઊભા છીએ? જેમ સમયાંતરે વજન માપીએ ત્યારે વધી ગયું હોય તો ઘટાડવું પડે અથવા જ્યાં આપણને એમ લાગે કે આ વધારવાની જરૂર છે ત્યારે વધારવું પડે.

આપણે એ જોવાનું છે કે, આપણામાં શું ખૂટે છે, જેમ કેલ્શિયમની ખામી હોય, વિટામીન ડી-3 કે બી-12ને એવું બધું ઘટેલું હોય તો આપણે એ પ્રક્રિયાઓ આધારિત ક્યાંક ને ક્યાંક ઇંજેક્શન લેવા પડે, ક્યાંક આપણે એ પ્રકારનો વ્યાયામ કરવો પડે. એમ જ્યારે આપણે આ સાત ક્રાઇટેરિયા પૂર્ણ કરવાની પ્રક્રિયામાંથી પસાર થઈશું ત્યારે આપણને સમજાશે. આમ તો આપણને સૌને ખબર છે કે આપણે કયા ક્ષેત્રમાં વધારે ખેડાણ કરવાની જરૂર છે. આમ છતાં, પહેલાં એક યુનિવર્સિટી તરીકે સેન્ટર ઑફ એજ્યુકેશનને ધ્યાનમાં રાખીને આપણે કાર્યરત હતા. હવે યુનિવર્સિટી તરીકે થોડાક ઉપર ઊઠીને જોઈએ છે, ત્યારે એમાં થયેલા કામોને કઈ રીતે સમાજ સુધી પહોંચાડીએ એવી નિસ્બત પણ આપણે રાખવાની છે.

દરેકની કામની પદ્ધતિ જુદી હોય છે. કેટલીક વ્યક્તિઓ એવી હોય જે પ્રશ્નો જ રજૂ કરતી હોય, કેટલાક લોકો એવા હોય જેમની સામે જે પણ પડકાર આવે, એમાં શું થઈ શકે એ આધારિત કાર્ય કરવા માટે માહેર હોય છે. આપણે બધા આ બાબતોને ધ્યાનમાં રાખીને કામ કરવાનું છે. કામ થવાનું છે, નિશ્ચિત સમયગાળામાં કરવાનું છે એ નક્કી છે. એટલે જ્યારે આપણે નક્કી કરીને બેઠા હોઈએ ત્યારે પૂરા જોશ સાથે આપણાથી જેટલું શ્રેષ્ઠ થઈ શકે એ સુનિશ્ચિત કરવાનું છે.

તાજેતરમાં યુજીસીના ચેરમેને ભોપાલમાં એવું કહ્યું છે કે વર્ષ 2022 સુધીમાં તમામ હાયર એજ્યુકેશનની ઇંન્સ્ટિટ્યૂટ્સે નૅક એક્રેડિટેશન ફરજિયાત કરાવવાનું છે. એનાથી આગળ વધીને, સૌના ધ્યાનમાં એ વાત પણ હશે કે દરેક કાઉન્સિલ છે તે જ્યાં એફિલિએટેડ બી.એડ્. કોલેજીસ છે એની માન્યતા રદ કરશે. જ્યાં પણ આ પ્રકારની ઇંન્સ્ટિટ્યૂશન્સ હશે તો એને ધીમે ધીમે બંધ કરવાની થશે. એક્રેડિટેશનમાં ગ્રેડ વધતો ઓછો મળે તે જુદી વાત છે. પરંતુ બધી હાયર એજ્યુકેશનની ઇંન્સ્ટિટ્યૂશન્સે એ પ્રક્રિયાઓમાંથી પસાર થવાનું છે. આપણે બધાએ પણ આપણા કામને યુનિવર્સિટી તરીકે જોવાનું છે. જેમ જેમ આપણે એક્રેડિટેશનના કામ જોતાં જઈશું તેમ તેમ તેનું ઊંડાણ પણ સમજાશે અને આપણે ક્યાં સુધી વિસ્તરવાનું છે એ પણ ધ્યાનમાં આવશે.

એવું બને કે આ હાલમાં આપણે જે વિચારીએ છીએ, અઠવાડિયા પછી એને જુદી રીતે પણ વિચારતા હોઈએ. જેમ જેમ ક્રાઇટેરિયાને આપણે સમજતા જઈશું, એકબીજા સાથે વાતચીત કરતા જઈશું તેમ આપણને સમજાશે કે આપણે હજુ


કેટલું કરવાનું બાકી છે. કદાચ અત્યારે આપણે જે એકેડેમિક પ્લાનિંગ કરતા હોઈએ એ ક્રાઇટેરિયા જોયા પછી એ પ્લાનિંગમાં આસમાન જમીનનો ફરક પણ આવી જાય.

કેટલાક મુદ્દાઓ ઉપર વિચારી કરૂં તો ફર્સ્ટ યરની બેચ આવે તો શું કરવું જોઈએ કે 60 કોલેજના વિદ્યાર્થી આવે તો એમનો એક વીકનો ઇન્ડક્શન પ્રોગ્રામ કરવાનો થાય. એમની ગમે તે કોલેજ હોય પણ એ ત્રણ દિવસ ગાંધીનગરમાં જ રહે. અત્યારે એફિલિએટેડ કોલેજ માટેનું પ્લાનિંગ આપણે વિચાર્યું છે તે આપણા માટેનું પ્લાનિંગ પણ આપણે વિચારવાનું થાય.

મારી ઓફિસની બહાર કેટલાક છાત્રાઓ ફુલ અને એવું વીણતી હતી. પછી મેં પૂછ્યું તો તેમણે કહ્યું કે બોટનિકલ ગાર્ડનની મુલાકાતે જવાનું છે. મેં કીધું કે તમારે નજીકમાં ગાર્ડન છે પુનિત વન. એટલે રોજ સવારે બધા લોકો એ ગાર્ડનમાં જાય. બીજા દિવસે બીજા ગાર્ડનમાં જાય. એટલે ગાંધીનગરમાં ઘણી બધી વનરાજી છે તેને સરળતાથી સમજી શકાય. અધ્યાપકો તરીકે આપણે કેટલું એક્સપોઝર સ્ટુડન્ટ્સને આપી શકીએ એ જોવાનું છે. આપણે દસ પ્રપોઝલ લઈને આવીએ તેમાંથી સાત પર આપણે કામ કરી શકીએ. બાકીની ત્રણ પ્રપોઝલ પર કામ ના પણ કરી શકીએ. દા.ત. આપણે ત્રણ દિવસ ઓનલાઇન વિષય રાખ્યો, હજુ ત્રણ દિવસ રાખવાના છીએ. કારણ કે આપણને ખબર છે કે ત્રણ દિવસ પહેલાં પરિસ્થિતિ હજુ ગંભીર થવાની સંભાવનાઓ હતી. અત્યારે માનો કે આપણે પરિપત્ર કર્યો, એવું બને કે બીજી કોઈ પરિસ્થિતિ ઊભી થાય તો આપણે એ પરિપત્ર બદલવો પણ પડે. એટલે કે સમયને ધ્યાનમાં રાખીને આપણે સતત પરિવર્તનશીલ રહીએ તો આપણે પરિસ્થિતિ સામે ટકી શકીએ અને પ્રગતિ કરી શકીએ. આપણું હવેનું ફોકસ નેક એક્રેડિટેશન છે.

એ સાથે સાથે આગળનું નવું શૈક્ષણિક વર્ષ શરૂ થાય એટલે જે છે તે તો રહેવાનું જ છે. આપણા ઘરમાં લગ્ન હોય ત્યારે દરરોજનું કામ તો રહેવાનું જ છે, પરંતુ લગ્નની વિશેષ તૈયારીઓ પણ હોય છે. એ જ રીતે જેમ પ્રસંગો આવતા જાય તેમ આપણે વિશેષ તૈયારીઓ પણ કરવાની રહે, પરંતુ પેલું દરરોજનું નિયમિત કામ બંધ નથી થતું. આપણું રૂટિન કામ છે એ ચાલુ જ રહેવાનું છે. એટલે એ કામો એકમેક સાથે કેવી રીતે મિશ્ર થઈ જાય. જેમ કેમિસ્ટ્રીમાં કરતા હોઈએ એ પ્રકારે કામ પણ સંમિશ્રિત થઈ જાય એ રીતે આપણે કામગીરી ગોઠવવાની છે. આપણે આ કામગીરીને આગળ વધારીએ અને આપણે પૂરી સમજણ સાથે, દરેક ક્રાઇટેરિયા એના કી-ઇન્ડિકેટર, સાથે એની પૂર્તતા કેવી રીતે કરવાની છે. એ રીતે આપણે સમજવાનું છે. કોઈ આ કામ IQACનું એકલાનું નથી. યુનિવર્સિટીના તમામ લોકોનું કામ છે અને એમાં દરેકનું ઇન્વોલ્વમેન્ટ અને એના ઇનપુટ હોવા જોઈએ. અને એ બધી જ રીતે આપણે એને કરીશું તો મને લાગે છે કે વધારે સારી રીતે આપણે પર્ફોર્મ કરી શકીશું. નેકમાં ગ્રેડ એક્સ, વાય, ડબલ્યુ, ઝેડ આવી શકે છે, પરંતુ આપણે પોતાને એનો સંતોષ થાય કે આપણે આ જગ્યાએ ઊભા છીએ. એ આખી પ્રક્રિયા કરવા માટેની આ વ્યવસ્થા છે.

# Brain Teaser



1. Find the Number of Squares in the following figure?
2. In This Mechanics, Gear 1 rotates clockwise direction. 2 & 7 are belt drives. Which of the following gear No. rotate Counter clockwise?
3. 100 Doors puzzle
   There are 100 doors in a row, all doors are initially closed. A person walks through all doors multiple times and toggle (if open then close, if close then open) them in following way:
   In first walk, the person toggles every door
   In second walk, the person toggles every second door, i.e., 2nd, 4th, 6th, 8th, …
   In third walk, the person toggles every third door, i.e. 3rd, 6th, 9th, …
   In 100th walk, the person toggles 100th door.
   Which doors are open in the end?
4. How many Hands in this picture?
5. Which one is the top view of this pyramid?
6. Choose the figure which is different from the rest.
7. Choose a figure which would most closely resemble the unfolded form of Figure (Z).
8. Select a figure from the given four alternatives which fits exactly into Figure-X to form a complete square.
9. Select a suitable figure from the four alternatives that would complete the figure matrix.
10. Four Suspects(A,B,C,D) found in the murder happen in the city. During interrogation, each suspect gave two statements as below. One is true and other is false. Who the killer?

A : B is killer , C is not killer
B: I am not killer , C is killer
C : A is killer , B is not killer
D : A is not killer , C is Killer

Prepared By **Dr.Paras D. Uchat**
Assistant Professor, Centre of Education-IITE

**Answers on Page 30**

# પુસ્તક...

સંસ્કૃતિનું વાહક તું, માનવોનું મિત્ર તું
પાવક તું, તારક તું, પૂજ્ય સકળ જગે તું
પુસ્તક તું છે જ્ઞાનની પરબ.

ભેટ ધરીએ, સ્વાગત કરીએ.
સાથે રાખીએ, સદા સાચવીએ
પુસ્તકો છે, અમૂલ્ય વારસો.

કદ, પૂંઠા, ભાષાને અક્ષર નોખા
પ્રેમ, નફરત, વૃતાંતને હાસ્ય અનોખા
પુસ્તકો તો પીરસે રસથાળ.


નીતિ, નાટક, કથા ને કાવ્યો
ગુઢ, સરળ, સટીક સધિયારો
પુસ્તકો છે પરમ મિત્ર આપણા.

મનનો ખોરાક, જ્ઞાનની તરસ
બાળકોની મજાને શિક્ષકોનો ભેરુ
પુસ્તકો છે આબાલવૃદ્ધનો સહારો.

ગીતા, ગ્રંથસાહેબ, અવેસ્તા, ત્રિપિટક
બાઈબલ, કુરાન સૌ સ્વરૂપ તારા
પુસ્તકો છે. ભવભવના તારક

**-ડૉ.ભાવેશ રાવલ,**
**એસો. પ્રોફેસર, સેન્ટર ઓફ એજ્યુકેશન,**
**આઈઆઈટીઈ**

**ડૉ. જે. આર. રાવલ**
**આસિ. પ્રોફેસર, સેન્ટર ઓફ એજ્યુકેશન,**
**આઈઆઈટીઈ**




# પુસ્તક પરિચય

પુસ્તક : આપણે બાળકોને શા માટે ભણાવીએ છીએ?
લેખક : ડૉ. રઈશ મનીયાર
પ્રકાશક : આર. આર. શેઠની કંપની
પૃષ્ઠ : 95

ભાવિ જીવનના આધાર એવા પોતાના સંતાનને મજબૂત અને સક્ષમ બનાવવા માટે આજના માતાપિતા ઉત્તમ શિક્ષણ યેનકેન પ્રકારેણ આપી અને સંતોષ મેળવે છે. કોઈ પણ પ્રવૃત્તિમાં બાળક પાછળ ન રહી જાય તે માટે જુદા જુદા હૉબી ક્લાસીસ કે એક્ટિવિટી ક્લાસીસ દ્વારા પણ તેની નિપુણતાને જાણે કે બહાર લાવવાનો પ્રયાસ થાય છે, આથી શિક્ષણ વિશેનો મા-બાપનો અભિગમ ખૂબ સત્તાવારી દબાણયુક્ત અને તણાવસભર બનતો જાય છે. કદાચ બાળકના બાળપણના શરૂઆતના વર્ષો જાણે કે શોષિત અવસ્થામાં પસાર થાય છે અને આથી જ પાછળના વર્ષો જાણે કે દિશા વિહીન આનંદ પ્રાપ્ત કરવામાં તો વળી માતાપિતાની દરેક બાબતોમાં બળવો પોકારવામાં જ પસાર થાય છે. “આજના સ્પર્ધાત્મક યુગમાં ભણતર વગર તો ચાલશે જ નહીં.” એવું વાક્ય “બ્રહ્મવાક્ય” બતાવીને ચાલનાર દરેક માબાપને એ સમજાવવાની તાતી જરૂર છે કે આપણે બાળકને ભણતર શા માટે આપીએ છીએ? હજારો ભટકેલા માતાપિતાઓને આ પુસ્તક એક ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઇડ તરીકે ઉપયોગી બનવાનું સામર્થ્ય ધરાવે છે. બાળમાનસની જરૂરિયાત, મૂંઝવણ તથા તેની માનસિકતાને ઊંડાણપૂર્વક સમજવામાં આ પુસ્તક ખૂબ ઉપયોગી નીવડે તેમ છે. આ પુસ્તકમાં ‘ડિસ્લેક્સિયા’ની સમજ આપવા માટે ‘વિવેક’નું પાત્ર ઉપસાવ્યું છે જે અભિનેતા આમિર ખાનની વર્ષો પહેલાં આવેલી ફિલ્મ ‘તારે ઝમીં પર’ના ઇશાન જેવું જ લાગે છે અને આથી જ આ પુસ્તકના પ્રકાશનનો હાર્દ સિદ્ધ થઈ શકે છે અને તેમાંથી મળતી સમજના મર્મ સુધી પહોંચી શકાય છે.





**Brain Terser Answers**


1. Ans 23
2. Ans 4
3. Ans 1, 4, 9, 16, 25, 36, 49, 64, 81 and 100.
4. Ans 14
5. Ans 3
6. Ans A
7. Ans D
8. Ans. A
9. Ans D
10. Ans D

# Campus Canvas





IITE's Center of Education celebrated Science Day on 2nd March in prayer meet



IITE's Shree Kirit Joshi Library arranged a special display of books on women and women issues as a part of International Women's Day celebration on 8th March



IITE signed a Memorandum of Understanding (MoU) with Research for Resurgence Foundation for collaboration in research and training programmes in Education on 10th March






Performance Appraisal Report (PAR) Review for Administrative Staff and Faculty Appraisal Report (FAR) Review was conducted during March



# 'The Window'

- Dr. Deep Trivedi



A look at the IITE Campus with different perspective and different angles.





(If you have interesting and engaging photographs of your institutions, campus, please share with us on pro@iite.ac.in with details of photographs and captions)